વડતાલ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયની
શ્રી લક્ષ્મીનારાયણ દેવની સંસ્થાનું સમસ્ત સત્સંગ સમાજનું માસિક

# શ્રી વડતાલધામ સત્સંગ

વર્ષ : ૧૦, અંક : ૬-૭, જુન-જુલાઈ - ૨૦૧૯











વડતાલધામ  આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા
શ્રી લક્ષ્મીનારાયણ આદિક દેવોને ચંદનના વાઘા.
તા. ૭/૫/૨૦૧૯ થી ૧૭/૬/૨૦૧૯



**ખેડા તથા આણંદ**ના નવા ચુટાયેલા માન.સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણ તથા શ્રી મિતેશભાઈ પટેલને આશીર્વાદ આપતાં પૂ.સંતો.




**હરિદ્વાર** મુકામે પૂ.હરિવલ્લભ સ્વામી દ્વારા આયોજીત રજત જયંતી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પ.પૂ.સદ્.શા. શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી- મુખ્યકોઠારીશ્રી વડતાલ, પૂ.રામદેવ બાબાજી,વક્તાશ્રી પૂ.કૃષ્ણવલ્લભ સ્વામી તથા પૂ.સંતો - ભક્તો. તા.૭ થી ૧૧/૫/૨૦૧૯



**ભરૂચ** મુકામે પૂ.કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમ સ્વામી) દ્વારા આયોજીત ૧૮૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો એવં ભક્તો. તા.૮ થી ૧૪/૫/૨૦૧૯



**સુરત રામપુરા** મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ૧૮૩ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૬ થી ૧૨/૫/૨૦૧૯



**સુરત સ્વામિનારાયણ મિશન** મુકામે પૂ.નીલકંઠચરણ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ એવં શ્રી વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે વિરાટ સંત-હરિભક્ત સંમેલન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો એવં ભક્તો.તા.૭ થી ૧૩/૫/૨૦૧૯



**ડભાણ** મુકામે પૂ.બળદેવ સ્વામી દ્વારા આયોજીત ૧૩૨ મા પાટોત્સવ એવં નૂતન શ્રી સહજાનંદ ભુવન ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો એવં ભક્તો. તા.૧૨ થી ૧૬/૫/૨૦૧૯





**આટકોટ** મુકામે પૂ.સંતદાસજી સ્વામી દ્વારા આયોજીત દ્વિદશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૨ થી ૧૮/૫/૨૦૧૯







**ધોલેરાધામ** મુકામે પૂ.રામકૃષ્ણ સ્વામી દ્વારા આયોજીત ૧૯૩ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત
પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા. ૧૪ થી ૧૬/૫/૨૦૧૯





**જીવાપર તથા પાંચવડા** મુકામે પૂ.સંતદાસજી સ્વામી - આટકોટવાળા દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ
પ્રસંગે આરતી ઉતારતા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી. તા.૧૬/૫/૨૦૧૯







**બામણગામ (આણંદ)** મુકામે પૂ.વિજય સ્વામી (ડાકોરવાળા) દ્વારા આયોજીત સાર્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય
મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.ભક્તિપ્રકાશ સ્વામી, પૂ.ધર્મપ્રસાદ સ્વામી વગેરે સંતો તથા ભક્તો. તા. ૧૭ થી ૨૧/૫/૨૦૧૯



**વડતાલધામ મુકામે વચનામૃત પર્વ - ૬ તા.૧૮/૫/૨૦૧૯**







**વડતાલધામ** મુકામે શ્રી સહજાનંદિ બાળયુવા શિબીર - ૫
પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજ,
ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી વગેરે પૂ.સંતો તથા
ભક્તો. તા.૧૮ થી ૨૦/૫/૨૦૧૯





**સુરત સિલ્વર ચોક** મુકામે પૂ.ભક્તિસંભવ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૯ થી ૨૬/૫/૨૦૧૯





**ટીંબી (ઉના)** મુકામે રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.દેવકૃષ્ણ સ્વામી, પૂ.ધર્મવલ્લભ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૯/૫/૨૦૧૯





**બાબરીયા (ગીર)** મુકામે રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી,પૂ.દેવકૃષ્ણ સ્વામી, પૂ.ધર્મવલ્લભ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૯/૫/૨૦૧૯






**રાણપર (પોરબંદર)** મુકામે પૂ.નીલકંઠચરણ સ્વામીની પ્રેરણાથી આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો.






**માણાવદર** મુકામે પૂ.મોહનપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત ૫૩ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.સંતો તથા ભક્તો. તા. ૨૧ થી ૨૭/૫/૨૦૧૯

Web Site :
**www.vadtalmandir.org**

E-mail address :
**vadtaldhamvikas@gmail.com**

## Subscription

(india)
5 Year ₹. 250/-
20 Year- ₹. 500/
For Other Countries
(airmail) ₹. 6750/-

**Year - 10**
**Volume - 6-7**
**June-July - 2019**



॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# Shree Vadtaldham Satsang

## અનુક્રમણિકા

૧. વડતાલધામઃ એક ઈતિહાસ (ભાગ - ૧૦)
વડતાલ મંદિરની ભવ્યતાનું અંગ્રેજીમાં આલેખન
લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ, વિદ્યાનગર ૦૭

૨. સત્સંગ સમાચાર
સંકલન - સાધુ શ્યામવલ્લભદાસ - વડતાલ ૨૫

૩. વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮
આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું સત્સંગ વિચરણ ૩૮

૪ સંપ્રદાયના આગામી કાર્યક્રમ ૩૯

**OWNER:** Vadtal Temple Managing Trustee Board, Vadtal, **PUBLISHER / PRINTER & EDITOR:** Chief Executive Kotharishree Shashtri Shree Ghanshyamprakashdasji Swami Guru Kothari Shri Nandkishordasji Swami **PUBLISHED & PRINTING :** Shree LaxmiNarayandev Offset Press, **AT & POST:** Vadtal, Tal. Nadiad, Dist. Kheda, Gujarat Pin: 387375, **Phone:** (0268)2589728,776

# વડતાલધામ : એક ઈતિહાસ (ભાગ - ૧૦)


## વડતાલ મંદિરની ભવ્યતાનું અંગ્રેજીમાં આલેખન

લેખક : પ્રો. હરેન્દ્ર ભટ્ટ - વિદ્યાનગર

સર મોનિયર વિલીયમ્સે તત્કાલીન ખેડા કલેક્ટરશ્રી સાથે વડતાલની મુલાકાત લીધેલી. બોરીઆવી સ્ટેશને સંપ્રદાય ધ્વારા તેમનું સ્વાગત કરાયેલ ને ત્યાંથી વડતાલ લઈ જવાયેલ. વડતાલ મંદિરે તત્કાલીન આચાર્યશ્રીએ દસ હજારથી વધુ અનુયાયીઓની ઉપસ્થિતિમાં એમને આવકારેલા. એક દિવસની એમની આ મુલાકાતમાં એમણે મંદિર દર્શન, સભામંડપ મુલાકાત, સંત-નિવાસમાં સ્વાગત, આચાર્ય મહારાજશ્રી અને અગ્રણીઓ સાથે મુલાકાત જેવા કાર્યક્રમમાં ભાગ લીધો. આ મુલાકાતે આવતા પહેલાં તેમણે સહજાનંદ સ્વામી અને બિશપ હેબરની નડિયાદ ખાતેની મુલાકાતનો અહેવાલ વાંચી લીધેલ અને તેનો કેટલોક ભાગ આ મુલાકાતના વર્ણનમાં તેમણે નોંધ્યો છે.

વડતાલ સ્થિત લક્ષ્મીનારાયણદેવના મંદિરની ભવ્યતાનું વર્ણન કરતાં સર મોનિયર વિલીયમ્સ લખે છે:

''.. The temple dedicated to Laxminarayan, erected about sixty years ago, is a handome structure. It has the usual lofty cupolas, and stands in the centre of a courtyard, formed by the residences of the Maharaja and his attendants, the great hall of assembly, and other buildings... We entered the temple by a homdsome flight of steps. The interior is surrounded by idol shrines...The two principal shrines have three figures. One of them has an idol of Krishna in his character of Ran - chor - 'deliverer from evil', - a form of Krishna specially worshipped at Dwarika and throughout Gujarat. An image of Narayan(Vishnu) as the supreme being in the middle and Lakshmi, consort of Vishnu, is on the right. The other principal sanctuary has Krishna in the middle, his favourite Radha on the right, and Swaminarayan, the founder of the sect, on the left. The letter is here worshipped, like other great religious leader, as an incarnation of a portion of Vishnu- that is, he is held to be one of the numerous Narvavatars or descents of parts of the god's sessence in the bodies of man. In adjacent shrine are his bed and clothes , the print of his foot, and his wooden slippers...' (pp 151 to 153, Brahmanism & Hinduism)



એક મેદાનની વચ્ચે આવેલા આ મંદિરની ચારેબાજુએ આચાર્ય-નિવાસ, સંતનિવાસ, સભામંડપ વગેરે આવેલ છે. મંદિરમાં

બિરાજમાન દેવનો પરિચય આપવાની સાથે સર મોનિયર વિલીયમ્સે લખ્યું છે કે, સહજાનંદ સ્વામીની પણ અહિં વિષ્ણુના અવતાર તરીકે પૂજા થાય છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી વર્ગ અંગે સર મોનિયર વિલીયમ્સે પોતાના અવલોકન નોંધ્યા છે. એમણે સંપ્રદાયના અનુયાયી વર્ગને સમૃધ્ધ માન્યો છે. આ સમૃધ્ધ અને વિશાળ અનુયાયી વર્ગની શિસ્ત અને આજ્ઞાંકિતતા પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતાં તેમણે લખ્યું કે, '...But the ten thousand people were docile as children. At a signal from the Maharaj they made a lane for us to pass...' સર મોનિયરની વડતાલ મુલાકાતનો દિવસ કાર્તિકી પૂર્ણિમા હતો, જેથી તે દિવસે દસ હજારથી વધુ દર્શનાર્થી મંદિરમાં આવેલ. મંદિરમાં પેંસવું અશક્ય હતું, ત્યારે આચાર્ય મહારાજશ્રીના એક હાથના નિર્દેશથી આ અનુયાયીઓએ નમ્રતાપૂર્વક મહેમાનો માટે રસ્તો બનાવી આપ્યો. સભામંડપમાં ઉપસ્થિત ત્રણ હજારથી વધુ સંત અને અનુયાયીઓમાં કેટલાક વૃધ્ધ સંતો તો શ્રીજી મહારાજના સાનિધ્યમાં જીવન જીવેલા હતા. આથી જ્યારે સર મોનિયરે એમને શ્રીજી મહારાજ વિશે સવાલ પૂછ્યા ત્યારે જે ભાવપૂર્વક એમણે જવાબ આપેલા તેની નોંધ તેમણે લખી છે. '...These old men were delighted when we questioned them as to their personal knowledge of their founder. The only inconvenience was that they all wanted to talk together...' સંસ્કૃતના આ વિદ્વાન સંશોધકે અહીંના પંડિતોના સંસ્કૃત જ્ઞાનની પ્રશંસા કરતાં લખ્યું કે, ... 'found the pundits well versed in Sanskrit. One or two astonished me by the fluency with which they spoke it, and by their readiness in answering the difficult questions with which I tested their knowledge...'

સર મોનિયર વિલીયમ્સના સ્વાગત બાદ મંદિર તરફથી તેમને સહજાનંદ સ્વામી રચિત 'શિક્ષાપત્રી' ભેટ આપવામાં આવી. સર મોનિયર વિલીયમ્સે આ શિક્ષાપત્રીનું અંગ્રેજી ભાષાંતર કર્યું, જે ઓક્ટોબર ઈ.સ. ૧૮૮૨ના 'જર્નલ ઓફ ધ રોયલ એશિયાટીક સોસાયટી' માં પ્રકાશિત થયું. સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ પણ ગ્રંથનું અંગ્રેજી ભાષાતંર થયું હોય તો તે આ શિક્ષાપત્રીનું અને તે પણ એક અંગ્રેજ–સંસ્કૃત વિદ્વાન ધ્વારા. આ ગ્રંથમાં પણ શિક્ષાપત્રીના અંગ્રેજી અનુવાદના કેટલાક અંશ આપવામાં આવ્યા છે. (આજકાલ તો એક વેબસાઈટ શરુ થઈ છે – www. Shikshapatri.org.uk જેમાં શિક્ષાપત્રીના અંગ્રેજી અનુવાદ મૂકવામાં આવ્યા છે. સર મોનિયરના અંગ્રેજી અનુવાદ ઉપરાંત અન્ય સાત અંગ્રેજી અનુવાદ આ વેબસાઈટ પર મૂકાયા છે. સ્વામિનારાયણ સંપ્રદાયના અભ્યાસીઓ માટે આવી વેબસાઈટ ખૂબ ઉપયોગી બની રહેલ છે.)

નોંધઃ- સર મોનિયર વિલીયમ્સનો અભ્યાસ-ગ્રંથ 'બ્રાહ્મનીઝમ અને હિન્દુઈઝમ' ની ચોથી આવૃત્તિ મેકમિલન એન્ડ કંપની, ન્યૂયોર્ક દ્વારા ૧૮૯૧માં પ્રકાશિત થઈ. અગાઉ તેનું નામ 'રિલીજીયસ લાઈફ એન્ડ થોટ ઈન ઈન્ડિયા' હતું. પરંતુ ઈ. સ. ૧૮૯૦માં સર મોનિયર વિલીયમ્સનું બૌદ્ધ ધર્મ અંગેનું અધ્યયન 'બુધ્ધિઈઝમ' પ્રકાશિત થયું; અને તેથી આ પુસ્તકનું નામ 'બ્રાહ્મનીઝમ એન્ડ હિન્દુઈઝમ ઓર રિલીજીયસ લાઈફ એન્ડ થોટ ઈન ઈન્ડિયા' એમ રાખવામાં આવ્યું. સર મોનિયર વિલિયમ્સ લંડન ઓક્સફર્ડ ખાતે બોડેન પ્રોફેસર હતા ત્યારે સંસ્કૃતનું અધ્યયન- અધ્યાપન કરાવવા ઉપરાંત ભારત અને તેના ધર્મો અંગે વિશદ અધ્યયન કર્યું. આ માટે તેઓ ત્રણ વખત ભારત આવ્યા અને ત્રણેય મુલાકાતમાં સમગ્ર ભારતના ખૂણેખૂણે ફર્યા અને પ્રત્યેક મંદિર, પ્રત્યેક ધર્મપુરુષ અને ધર્મસંસ્થાનની મુલાકાત લઈ, જાત અનુભવ મેળવી આ ગ્રંથ લખ્યો. સમગ્ર ભારતના પરિભ્રમણ અને સંસ્કૃતના ગહન અધ્યયન થકી સર મોનિયર વિલિયમ્સનો આ ગ્રંથ માહિતીપ્રદ અને આધારભૂત બની રહેલ છે.

# મુક્તાનંદ મુનિને પરચો

**માનુષી મૂર્તિ શ્રીજી મહારાજ અને અર્ચાસ્વરૂપ શ્રી હરિકૃષ્ણ મહારાજનો મુક્તાનંદ મુનિને પરચો**

વડતાલનો પ્રસંગ છે. શ્રીજી મહારાજે વિ. સં. ૧૮૮૧ને કાર્તિક સુદ બારશના પવિત્ર દિવસે વડતાલ મંદિરમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ અને શ્રી હરિકૃષ્ણ મહારાજ સહિત વિવિધ દેવોની સ્વહસ્તે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરી. ત્યારબાદ ફરીને શ્રીજી મહારાજ વડતાલ પધાર્યા ત્યારે મુક્તાનંદ સ્વામીને એમણે શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સમક્ષ બોલાવ્યા અને કહ્યું:

'સ્વામી અક્ષરધામમાં રહેલું અમારું પરાત્પર દિવ્ય સ્વરૂપ, ચિદ્દ્ચિદ્ સર્વ, અક્ષરબ્રહ્મ પર્યન્ત સર્વમાં નિયામક શક્તિરૂપે રહેલું અમારું અંતર્યામી સ્વરૂપ, ક્ષર અક્ષર અને આત્મારૂપી શરીરમાં સાક્ષીરૂપે વ્યાપીને રહેલું અમારું શરીરી સ્વરૂપ, મન અને વાણીથી અગોચર છતાં પિંડબ્રહ્માંડમાં સર્વત્ર સદા સાકારરૂપે વ્યાપીને રહેલું અમારું સર્વવ્યાપક સ્વરૂપ, અવતાર માત્રનું ધારણ કરનાર અને શક્તિ પ્રેરનાર અમારું અવતારી સ્વરૂપ, તમારી સામે સ્વામિનારાયણ નામે અત્યારે ઊભેલું અમારું માનુષી સ્વરૂપ અને તમારી નજર સામે સિંહાસન ઉપર સ્થાપિત કરવામાં આવેલું શ્રીહરિકૃષ્ણ નામનું અમારું અર્ચાસ્વરૂપ, અમારાં આ બધાં સ્વરૂપો એક અને અભિન્ન છે. એ સ્વરૂપોમાં કોઈપણ પ્રકારનો સહેજ પણ ફેર નથી. અમારું જે સ્વરૂપ પરાત્પર અક્ષરધામમાં બિરાજે છે તે જ તમારી સામે મનુષ્યરૂપે આજે વિચરે છે અને તે જ સ્વરૂપ આ સિંહાસનમાં મૂર્તિરૂપે બિરાજે છે.'

આમ કહેતાં કહેતાં, ભગવતી માનુષી સ્વરૂપે વિચરી રહેલા શ્રીજી મહારાજ, પંચધાતુના બનેલા પોતાના શ્રી હરિકૃષ્ણ મહારાજ સ્વરૂપમાં લીન થઈ ગયા.

પોતાની પડખે ઊભા રહીને વાત કરી રહેલા ભગવાન શ્રીજી મહારાજ સ્થૂળ રૂપે પાસે ઊભેલા ન જોતાં, મુક્તાનંદ સ્વામી વિહવળ બની ગયા. એ સુખશય્યા તરફ દોડ્યા પણ ભગવાનને ત્યાં બિરાજેલા જોયા નહિ. સૂર્ય, શેષ, નૃસિંહ, મત્સ્ય, કૂર્માદિ અવતારોના સ્વરૂપોના મંદિરમાં ફરી વળ્યા. ત્યાં પણ ભગવાન ન દેખાયા. આકુળવ્યાકુળ થઈને એ પછી, શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સન્મુખ આવ્યા. સ્વામીની આંખોમાં આંસુ ઊભરાતા હતાં. સામે શ્રી હરિકૃષ્ણ મહારાજ હસી રહ્યા હતા. મુક્તાનંદ સ્વામી વિચારવા લાગ્યા, 'આ શું? શ્રી હરિકૃષ્ણ મહારાજ હસતા હોય એમ કેમ લાગે છે?' એ વધુ વિચારે તે પહેલાં જ મૂર્તિમાંથી વાણી પ્રગટી, 'સ્વામી! મેં તમને જે સિધ્ધાંત વાત કહી હતી કે અમારું આ અર્ચાસ્વરૂપ અને અમારું માનુષી સ્વરૂપ અને મન વાણીથી અગોચર એવું અમારું પરાત્પર અલૌકિક સ્વરૂપ એક અને અભિન્ન છે એ અતિ મહત્વની વાત, આટલી થોડી વારમાં જ ભૂલી ગયા? જુઓ, હું જેમ તમારી સામે આ મૂર્તિ સ્વરૂપે ઊભો છું તેમજ માનુષી સ્વરૂપે તમારી પડખે પણ ઊભો છું.'

મુક્તાનંદ સ્વામીએ પોતાની બાજુમાં જોયું. શ્રીજી મહારાજ મંદ મંદ હાસ્ય કરતા ત્યાં ઊભા હતા. સ્વામીએ શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ સામે જોયું. અતિ સૌમ્ય અને શાંત જણાતી એ મૂર્તિ પણ મંદ મંદ હાસ્ય કરી રહી હતી. સ્વામીએ શ્રીજી મહારાજના ચરણારવિંદમાં માથું ઝુકાવી પ્રાર્થના કરી: 'મહારાજ! આજે આપે આ પ્રત્યક્ષ શીખવાડેલી સિધ્ધાંત વાત જીવનમાં હું કદી ન ભૂલું એવી મારા ઉપર કૃપા કરો.'

માનુષી મૂર્તિ રૂપે રહેલા શ્રીજી મહારાજ અને અર્ચા સ્વરૂપે રહેલા શ્રી હરિકૃષ્ણ મહારાજ, બંનેએ એકસાથે આશિષ આપ્યા: 'સ્વામી! તમે માંગો છો તેમ જ થશે.'

(આધાર : 'વડતાલ દર્શન', રમેશચન્દ્ર લા. પંડ્યા, બીજી આવૃત્તિ, ૧૯૯૯, શ્રી સ્વામિનારાયણ મંદિર, વડતાલ)

## શંખાદિક છાપ વિધિની શરુઆત

શ્રીજી મહારાજ એક સમે વડતાલમાં બિરાજમાન હતા. એમણે સંતો - ભક્તોને વડતાલ તીર્થનો અનુપમ મહિમા કહ્યો. એ સાથે, શ્રીહરિએ સૌને પોતાના શરીર ઉપર શંખાદિક છાપ લેવાની પણ આજ્ઞા કરી. એ સાથે શ્રીહરિએ બ્રહ્મચારી વાસુદેવાનંદજી તથા બ્રહ્મચારી વૈકુંઠાનંદજીને આજ્ઞા કરી કે, તમે બંને વર્ણીઓ આ સર્વે સંતો તથા હરિભક્તોના શરીર ઉપર શંખાદિક છાપ આપો. શ્રીહરિની આજ્ઞાથી તે બંને વર્ણીઓએ સર્વે સંત હરિભક્તોને શરીર પર શંખાદિક છાપ આપી. આમ, સંપ્રદાયમાં છાપ લેવાનો વિશિષ્ટ ધાર્મિક વિધિ વડતાલથી થયો.

નોંધ- પ્રતિષ્ઠા થઈ ત્યારે પૂ.સ્વામીને પગમાં વાગેલ હોવાથી કમિયાળા ગામ રોકાયા હતા, પણ વરતાલ આવ્યા ન હતા.

# વડતાલ મંદિર લીલા



- મંદિર નિર્માણ અર્થે શ્રીહરિએ શ્રમયજ્ઞ કર્યો. ઈંટવાડે જઈ, માથા પર ઈંટો મૂકી મંદિરના સ્થળે લાવે. ૩૭ ઈંટો શ્રીહરિ લાવેલા; ૩૫ 'પડદી' માં ચણેલી જ્યારે બે પછવાડે ગોખલામાં છાંદેલી.
- ત્રણેય ગર્ભગૃહમાં સરસ સિંહાસનો બનાવાયાં; શ્રીહરિ પ્રથમ તેના ઉપર બેઠા અને ત્યાં થાળ જમ્યા.
- ત્રણેય ગર્ભગૃહના ઉમરા પર બેસી શ્રીહરિએ ભક્તજનો સાથે ઘણી વખત સત્સંગ કર્યો; ખાસ કરીને વચલા ગર્ભગૃહના ઉમરા પર બેસીને વિશેષ.
- અમદાવાદથી એક સમે આનંદાનંદ સ્વામી અન્નકૂટનો સામાન લાવ્યા તે શ્રીહરિએ, મધ્ય ભાગ ને ઉત્તર ભાગ વચ્ચે રહેલી જગ્યા પર બેસી, ભગવાનને થાળ કરી, જમ્યા.
- મંદિરમાં દેવની અને ઘુંમટની વચ્ચેની જાળીનો અંદરનો ભાગ (કોળી) માં શ્રીહરિ બિરાજ્યા છે. મધ્યમંડપમાં કૂર્મના વદન પાસે ગોવર્ધન પૂજા કરી છે.
- મંદિરના મંડપ વિભાગમાં, ઘુમ્મટ નીચે જમણા હાથ તરફથી શરુ કરીને, અનુક્રમે શ્રી વરાહનારાયણ, શ્રી શેષનારાયણ, શ્રી કૂર્મનારાયણ , શ્રી સૂર્યનારાયણ, શ્રી નૃસિંહનારાયણ અને શ્રી મત્સનારાયણની પ્રતિષ્ઠા કરી તે પહેલાં આ તમામ સ્થાનો પર શ્રીહરિ બિરાજેલા.
- મંદિર નિર્માણમાં જોડાયેલ સૌના કામથી પ્રસન્ન થઈ, ગારાવાળાં એમનાં શરીર હોવા છતાં, શ્રીહરિ પ્રેમથી એ સૌને ભેટતા.
- ઉગમણી રૂપચોકીમાં બિરાજી શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી જેવા ભણનારા સંતોને 'નારાયણમહોલ' ના નિર્માણનું મહત્વ સમજાવેલ.
- ઉગમણી રૂપચોકીના દક્ષિણ બાજુના પરથાર પર બેસીને, મંદિરનું સુંદર નિર્માણ કાર્ય કરવા બદલ ત્રણ મિસ્ત્રીઓ- વટપુર (વડોદરા) ના પુરુષોત્તમ અને દામોદર તથા શ્રીપુર (અમદાવાદ) ના કુબેરભાઈને કડાં, કંઠિયો, પાઘડી, શાલ આપી સન્માનીત કરેલા.
- ઉગમણી રૂપચોકીના દક્ષિણ બાજુના એક નીચા પરથારે બેસીને શ્રીહરિએ ધર્મકુળના શ્રી ગોપાળજીને સમાધિ કરાવેલી.
- મંદિર નિર્માણના નિરીક્ષણ દરમિયાન શ્રીહરિ વારેવારે ઉગમણી રૂપચોકીની પૂર્વ દિશામાં આવીને બેસતા.
- મંદિર પાછળ હાલ જ્યાં છત્રી છે ત્યાં અગાઉ ઓટો હતો, ત્યાં શ્રીહરિ બિરાજતા. સંતો શ્રીહરિ સન્મુખ નીચે બેસતા. અહીં કરેલ ભગવદ્‌વાર્તાને કારણે આ સ્થાનનો મહિના મોટો છે.
- મંદિરની ફરતે આવેલા પ્રદક્ષિણા પથ પર શ્રીહરિ પ્રદક્ષિણા કરતા. એક સમે, એક માસ સુધી, પ્રતિદિન સો સો પ્રદક્ષિણા કરેલી.
- જ્ઞાનકૂપ અને હવેલીની વચ્ચેની જગ્યામાં, વિ.સં. ૧૮૮૨ના કાર્તિક સુદી ૧૧ ના રોજ, પોતાના બંને દત્તક પુત્રોને શ્રીહરિએ પોતાના અનુગામી આચાર્યો કરીકે નિમ્યા હતા. માણજના હરિભક્ત પાટીદાર મૂળજીભાઈએ આ સ્થાને ઓટો કરાવ્યો છે.
- હીરાજી સલાટે બનાવેલ પથ્થરની વિવિધ મૂર્તિઓને નારાયણ મહેલ નીચેના ભાગે એક ઓરડામાં મૂકેલી તે સંતો અક્ષરાનંદ ને આનંદ સ્વામીના કહેવાથી શ્રીહરિ જોવા પધાર્યા. ત્યારે બ્રહ્માનંદ સ્વામીએ કહ્યું કે, 'આહીં જો કોઈ ઈશ્વર આવે, તો પૂતળામાં પ્રાણ લાવે.' સ્વામીનાં આ મર્મવચન સાંભળી શ્રીહરિએ હસતાં હસતાં નેતરની છડી અડાડી તેથી સૌમાં પ્રાણ આવ્યા ને નાચવા-ગાવા-સંગીત વગાડવા લાગી! આ લીલા જોવા ઘણા બધા આવ્યા.
- અગાઉ મંદિરથી પૂર્વ દિશામાં જવા-આવવા માટે બારી હતી. શ્રીહરિએ તે દૂર કરાવી, ત્યાં એક માર્ગ બનાવ્યો, મોટું દ્વાર બનાવ્યું ને તેની બે બાજુએ બે દેરીઓ બનાવી તેમાં શ્રી હનુમાનજી અને શ્રી ગણપતિજી પધરાવ્યા.
- શ્રી હનુમાનજી ને શ્રી ગણપતિજીની દેરીઓ વાળા દરવાજાની ઉત્તરે એક લીંબડો હતો, જ્યાં બેસી શ્રીજી મહારાજે અનેક સભાઓ કરેલી ને અપાર પરચા પણ ત્યાં આપેલા. અહીં કરેલ સત્સંગ 'વચનામૃત' માં લેવાયાં છે.
- આ લીમડાથી પશ્ચિમ દિશાએ શ્રીહરિએ ધર્મકુળના શ્રી

સીતારામને જનોઈ દીધેલી.


- હાલ જ્યાં સભામંડપ છે ત્યાં એક ખેતર હતું. જુદા જુદા દેશના સંઘ ત્યાં ઉતરતા. અહીં શ્રીહરિ ખૂબ વાર જમ્યા છે.
- સભામંડપની ડાબી બાજુએ સંતો માટેનો કૂવો હતો.
- આ કૂવાની પાસે એક કોઠો હતો, જેમાં બેસી શુક મુનિ લેખ લખતા અને તે પર શ્રીહરિ ધ્યાન રાખતા.
- સંત કૂવાથી પશ્ચિમમાં સંત ભંડાર હતો તેની ઓસરીએ શ્રીહરિએ શ્રી નારાયણજી સુતાર પાસે ધર્મભક્તિની મૂર્તિ ઓપાવેલી.
- પૂર્વ અને પશ્ચિમના બેય કોઠા વચ્ચે શ્રીહરિએ ધર્મશાળા બનાવડાવી. અહીં સંતો જમવા બેસતાને શ્રીહરિ પીરસતા. આ ધર્મશાળામાં શ્રીહરિએ ૪૯૬ વખત સંતોને પીરસ્યું હતું. વિ. સં. ૧૮૮૬ની સાલમાં છેલ્લી વખત પીરસ્યું હતું.
- પૂર્વ કોઠામાં મુક્તાનંદ સ્વામી રહેતા.
- સંતોની ધર્મશાળાએ જવા-આવવામાં સંતોને તકલીફ પડતી આથી તે બાજુએ શ્રીહરિએ દરવાજો કરાવ્યો.
- દ્વાર આગળ આવેલા ઓરડામાં સંતોનાં પુસ્તક રહેતાં.
- આ સ્થળે એક લીમડો હતો. સૌ ત્યાં બેસતા.
- આજે જ્યાં ગાડીઓનું ડેલું છે ત્યાં શ્રીહરિ સભા ભરતા.
- આજે જ્યાં કોઠાર છે ત્યાં અગાઉ મેદાન હતું. શ્રીહરિ ત્યાં સભા ભરતા; સંતો કીર્તન કરતા.
- આજે જ્યાં અન્નની ખળી છે ત્યાં અગાઉ ત્રણ ઓરડા હતા જેમાં માંદા સંતો રહેતા.
- ધર્મકુળની હવેલીની અંદર એક કૂવો છે ત્યાં એક લીમડો હતો. શ્રીહરિએ અનેક લીલાઓ ત્યાં કરેલી.
- ધર્મકુળની હવેલી પાસેની જગ્યામાં ચુનો પીસવાની ચક્કી હતી, જ્યાં આવીને શ્રીહરિ ઘણીવાર બેસતા.
- મંદિરની પૂર્વમાં આવેલા ચોકમાં મૂર્તિપ્રતિષ્ઠા વખતે યજ્ઞ કરવામાં આવેલ.



## શ્રી વાસુદેવ ચરણદાસજી સ્વામીએ શ્રીહરિની વડતાલ લીલા ગાઈ છે :

હવે કહું વડતાલની વાત,
સાંભળો સંત થઈ રળિયાત.
ધન્ય ધન્ય એ વડતાલ ગામ,
કર્યું શ્રીહરિએ નિજ ધામ;
બહુ ગમે પોતાને મન,
પ્રભુ રહે થઈ પ્રસન્ન... ૦૬
ધન્ય ધન્ય એ મંદિર જાગ્ય,
કરે દર્શન તેનાં મોટા ભાગ્ય;
વા'લો ફર્યા કરી બહુ પ્રીત,
થઈ હરિચરણે તે અંકિત... ૦૭
ધન્ય લક્ષ્મીનારાયણ જોડ,
કરે દર્શન પૂરે તેના કોડ;
ધન્ય રણછોડજીની મૂરતી,
નીરખે તેને ન રહે પાપ રતિ... ૦૮
ધન્ય ધન્ય એ ભક્તિ ધર્મ,
કરે સેવા તેને ન રહે ભ્રમ;
ધન્ય હરિકૃષ્ણ અવતાર,
સેવી પામે સર્વે ભવપાર... ૦૯
ધન્ય ધન્ય રાધાકૃષ્ણરાય,
કરે દર્શન તેનાં દુખ જાય;
ધન્ય ધન્ય સહજાનંદ શ્યામ,
કરે દર્શન તે પામે ધામ... ૧૦
ચરણારવિંદ ચાખડી સજ્યામાળા,
પગ પ્રસાદીનાં વસ્ત્ર રૂપાળાં;
છત્ર ચામર મુગટ છડી સાર,
તકિયો સેજબંધ તોરા ને હાર... ૧૧
ધન્ય સજ્યામાં મૂર્તિ સારી,
કરે દર્શન તે નરનારી;
પૂજી થાય તે પૂરણકામ,
કરી દર્શન પામે અક્ષરધામ... ૧૨
શોભે હરિના દસ અવતાર,
મચ્છ કચ્છ સૂકર શેષ સાર;
સુંદર મૂર્તિ સૂરજદેવ,
કરે દર્શન તે થાય અભેવ... ૧૩
જોવે નરસિંહની મૂરતિ,
તેને પાપ ન રે' એક રતિ;
જુવે મંડપમાં મનોહર,
છબી મહારાજની તે સુંદર... ૧૪
શોભે ભીડભંજન હનુમાન,
કરે દર્શન વાળે તેનાં વાન;

કરે ગણપતિનાં જે દર્શન,
તેને થાય પ્રભુ પ્રસન્ન... ૧૫
શંકર આદિ એ દેવ ઉદાર,
તેને નમું હું વારંવાર;
પધરાવ્યા શ્રીસહજાનંદ,
નીરખી જીવને થાવા આનંદ... ૧૬
ધન્ય ધન્ય મુનિ ધર્મશાળા,
વાલે ફેરવ્યા લાડુ રૂપાળા;
ફર્યા વાલોજી તે વારંવાર,
એ પૃથ્વીનાં પુણ્યનો નહિ પાર...૧૭
ધન્ય પ્રદક્ષિણા પર શ્યામ,
કરી સભા બેઠા સુખધામ;
ધન્ય મંડપમાં શ્રીમહારાજ,
ફર્યા ફળીમાં રાજાધિરાજ... ૧૮
ધન્ય પ્રદક્ષિણા પાસે કૂપ,
નાહ્યા ઝાઝી વાર મુનિભૂપ;
ધન્ય બ્રહ્મચારીની ઓસરી,
જમ્યા ઝાઝી વાર ત્યાં હરિ... ૧૯
ધન્ય આંબલો ઓટો વિશાળ,
બેઠા સભામાં જન પ્રતિપાળ;
રે'તો હિંડોળો આંબલે સદાય,
બેસતાં બહુ ત્યાં મુનિરાય... ૨૦
તેથી ઉગમણી આંબલી અનૂપ,
બાંધ્યો હિંડોલો ત્યાં સુખરૂપ;
ઝૂલ્યા જન્માષ્ટમીએ ત્યાં નાથ,
ઉતારી આરતી આનંદસ્વામી હાથ. ૨૧
બાંધ્યો હિંડોળો આંબે મુનિ હાથે,
ધર્યો મુગટ હરિએ ત્યાં માથે;
આરતી મુક્તાનંદસ્વામી ઉતારી,
કર્યાં દર્શન તે નરનારી... ૨૨
તળાવ તટે આંબો સુંદર એક,
બાંધ્યો હિંડોળો કરી વિવેક;
તેની ઉપર બેઠા બહુનામી,
આરતી ઉતારી બ્રહ્માનંદ સ્વામી...૨૩
ધન્ય ધન્ય એ કૂપ તળાવ,
વા'લો નાહ્યા કરી બહુ ભાવ;
ધન્ય ધન્ય ફળિયાં શેરી ગામ,
ફર્યા હરિ ત્યાં ઠામોઠામ... ૨૪
ધન્ય ધન્ય વાડી ધન્ય કૂપ,
ત્યાં નાહી જમ્યા મુનિ ભૂપ;
ધન્ય ગોમતીજી ધન્ય વાડી,
પ્રભુ સભા કરી બેસે દા'ડી... ૨૫
ધન્ય વેદી સુંદર સુખરૂપ,
તેની ઉપર ઢોલિડે અનુપ;
બેસે શ્રીસહજાનંદસ્વામી,
સરવેશ્વર અંતરજામી... ૨૬
ધન્ય રાયણ કોઠી કદમ ત્યાંય,
વા'લો બેઠા દીઠા એની છાંય;
ધન્ય સમડા આંબા જાંબુ સાર,
બેઠા છાંયે તે ધર્મકુમાર... ૨૭
ધન્ય ફૂલ ફળ વેલી વન,
પ્રભુ સ્પર્શીને થયા પાવન;
ધન્ય ઘર આંગણાં પરસાળ,
મેડી હવેલી ચોક વિશાલ... ૨૮
પ્રભુ બેઠા ફર્યા વારંવાર,
તેનો ગણતાં ના આવે પાર;
ધન્ય બાઈ ભાઈ હરિજન,
સ્વામી વિના નહિ બીજે મન... ૨૯
નિત્ય સ્વામીને પૂજે જમાવે,
તેનો મહિમા શારદ શેષ ગાવે;
જેનાં દર્શન કારણ દેહ,
દમે મોટા મુનિ તજી ગેહ... ૩૦
જેનો હુકમ પાછો નવ ફરે,
તે તો જેમ ધારે તેમ કરે;
માટે બહુ જીવ તારવા કાજ,
આવી વસ્યા વડતાલે મહારાજ... ૩૧
જેણે કરી મંદિરની સેવા,
પૂજ્યા પ્રભુ સંત મુક્ત જેવા;
કરી ભક્તિ અતિ ભલે ભાવે,
તેને તુલ્ય કહો કોણ આવે... ૩૨
તેનું ફળ છે અક્ષરધામ,
પામી થાશે તે પૂરણકામ;
એવી વાત વા'લે કરી વળી,
તે મેં શ્રવણે શ્રીમુખથી સાંભળી...૩૩
સ્વામી સમૈયા કર્યા વારંવાર,
સંત હરિજન હજારું હજાર;
એની રજ માથે જે ધરશે,
તેના કુળ ઈકોતેર તરશે. ..૩૪
('હરિચરિત્ર ચિંતામણિ', કિરણ - ૪૨)



# વડતાલ ખાતે પ્રથમ ગ્રંથ રચના : શિક્ષાપત્રી

## ૧.૧ 'સત્સંગિજીવન'નો સંદર્ભ

શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન'ના ચોથા પ્રકરણના ત્રેતાલીશમાં અધ્યાયમાં શ્લોક ૨ થી ૨૪ સુધીમાં વર્ણવ્યા મુજબ, શ્રીજી મહારાજે, વડોદરાથી વડતાલ પાછા પધાર્યા પછી, સૌથી પહેલું કાર્ય, વડોદરા નરેશે, પોતાને જે કિંમતી શાલદુશાલા વગેરે અર્પણ કર્યું હતું તે બધું જ શ્રી લક્ષ્મીનારાયણદેવના નવપ્રતિષ્ઠિત આચાર્યશ્રી રઘુવીરજી મહારાજને આપી દેવાનું કરે છે.

પછી, શ્રીજી મહારાજ, આપ્તજનો સાધુઓ તથા સેવકોને વડતાલથી વિદાય કરે છે. પોતાના ભાઈઓ, નવપ્રતિષ્ઠિત બે આચાર્યો તથા દાદા ખાચર વગેરેને ગઢડા વિદાય કરે છે. મુક્તાનંદાદિ સંતોને ધર્મપ્રચારાર્થે જુદા જુદા ગામોએ જવાની આજ્ઞા કરે છે. અને, પ્રબોધિનીના સમૈયા ઉપર આવેલા હરિભક્તોને પોતપોતાને ગામ જવાની રજા આપે છે.

પછી, કાર્તિક વદ ૧૧ થી દોઢ માસ સુધી પ્રાગજી પુરાણીના મુખેથી 'શ્રીમદ્ ભાગવત'ના દશમસ્કંધ રૂપી ભક્તિ શાસ્ત્રની કથા આદર અને પ્રેમથી સાંભળે છે. દશમસ્કંધ પૂરો થતાં પંચમસ્કંધ રૂપી યોગશાસ્ત્રની કથા સાંભળે છે.

વસંત પંચમી (વિ. સં. ૧૮૮૨)ના દિવસે, મધ્યાહ્ન સમયે, વસન્તોત્સવ ઉજવે છે. શ્રી લક્ષ્મીનારાયણદેવની મહાપૂજા કરાવે છે. બ્રાહ્મણોને જમાડે છે અને તેમને યથેચ્છ દક્ષિણા અને વસ્ત્રનું દાન આપીને સંતોષે છે.

એ પછી અપરાહ્નકાળે નારાયણમહોલમાં થોડીવાર વિચારમગ્ન બિરાજે છે. ત્યાર બાદ, શુક મુનિ પાસે શાહિનો ખડિયો, કાગળ અને કલમ મંગાવે છે. જમણા સાથળ ઉપર પાટી અને તે ઉપર કાગળ મૂકે છે અને પછી જમણા હાથે કલમ અને ડાબા હાથે કાગળ પકડીને નત મુખે, શિક્ષાપત્રી લખવાનો મંગળ પ્રારંભ કરે છે.

## ૧.૨ 'શિક્ષાપત્રી'- સર્જન હેતુ

'સત્સંગિજીવન' (વડતાલ પ્રત-પ્ર.૪, અ.૪૩, અમદાવાદ દેશ પ્રત-પ્ર.૪, અ.૬૩)માં શતાનંદ મુનિએ 'શિક્ષાપત્રી' સર્જનનો હેતુ અને તે સમયનું વાતાવરણ વર્ણવ્યું છે. સુવ્રત મુનિ તથા પ્રતાપસિંહ રાજાના સંવાદમાં આ બાબત સ્પષ્ટ થાય છે.

પ્રથમ નિશ્ચયની વાત આવે છેઃ

अपराह्ने ततः स्वामी विजनिस्थो हितं नृणां ।
चिन्तयन् पत्रिकां तेभ्यो लिखितुं निश्चिकाय सः ॥१८




ત્યાર પછી અપરાહન સમયે શ્રી સહજાનંદ સ્વામીએ એકાંત સ્થળમાં બેસીને સર્વજનોનું હિત કરવું એવો વિચાર કરી પોતાના ભક્તો પ્રતિ 'શિક્ષાપત્રી' લખવાનો નિશ્ચય કર્યો.

શ્રી સહજાનંદ સ્વામી નિશ્ચય કરે છે, કેમકે તેમને 'સર્વજનોનું હિત કરવું' છે.

'શિક્ષાપત્રી' લેખનના હેતુ અંગે લખાયું છેઃ

सकलेष्वपि वेशेषु धर्मशिक्षार्थपत्रिकाम् ।
लिखामि तेन मद्भक्ता वर्जिष्यन्ते तथैव हि ॥१९

'સર્વે દેશમાં રહ્યા જે મુમુક્ષુજન તે પ્રત્યે ધર્મની શિક્ષાને અર્થે હું પત્રિકાને લખું, જેણે કરીને મારા સર્વે ભક્તો એ શિક્ષાપત્રી પ્રમાણે જ વર્તી શકે.'

હેતુ બહુ સ્પષ્ટ છે. શ્રીજી મહારાજ ધર્મનું શિક્ષણ મુમુક્ષુજનોને આપવા ઈચ્છે છે.

શ્રીજી મહારાજ સૌને સંશય રહિત કરવા માંગે છેઃ

ममाशयो यादृशोऽस्ति तादृशं चापि तेऽखिलाः ।
तयैवावगमिष्यन्ति भविष्यन्त्यप्यसंशयाः ॥ २०
अंतर्हिते मयि भुवो मदीयानां च सर्वशः ।
स्फुटमद्वक्यरुपा सा भवित्र्यालंम्बनं भुवि ॥२१

'હું અહીંથી અંતર્ધાન થતાં ભૂમિપર રહેલા મારા સમસ્ત આશ્રિતજનો મારો અભિપ્રાય છે તેવો સ્પષ્ટ જાણીને સંશય રહિત થઈ એ પ્રમાણે જ વર્તશે, એટલે આ મારી

વાણીરૂપ આ પત્રિકા જ આ લોકમાં સર્વે મારા આશ્રિતોને અવલંબનરૂપ થશે.'

નિશ્ચય અને હેતુ સ્પષ્ટ હોઈ શ્રીજી મહારાજ લેખન કાર્યનો આરંભ કરે છે. વિ.સં. ૧૮૮૨નાં પંચમીનો; ઈ.સ. ૧૮૨૬. સ્થળ હતું વડતાલ મંદિરમાં આવેલ હરિમંડપ. 'સત્સંગિજીવન'માં એ દિવસ, સ્થળ અને તેની શોભા વર્ણવાઈ છેઃ

एवं विचार्य धर्मात्मा काकुदं खटिकां च सः ।
आनयामास भृत्येन लेखिनीं च सुशोभनाम् ॥ २२
सच्छास्त्राणां स सर्वेषां सारमाकृष्य सद्धिया ।
लिलेख पत्रिकां स्वामी सद्धर्म स्थापयम् भुवि ॥ २३

'એવો સંકલ્પ કરીને ધર્માત્મા શ્રીહરિએ (પોતાના સેવક શુકાનંદ સ્વામી પાસે) કાગળ, ખડિયો ને સુંદર એવી કલમ મંગાવી લીધાં. (૨૨) પછી શ્રી હરિએ સદ્ધર્મનું પૃથ્વીને વિશે સ્થાપન કરવા સફળ સચ્છાસ્ત્રના સારાંશને સન્મતિથી સમુદ્ધરીને શિક્ષાપત્રી લખવાનો પ્રારંભ કર્યો. (૨૩)

શિક્ષાપત્રી લખવા સજ્જ બનેલા શ્રીજી મહારાજની શોભાનું વર્ણન કરતાં શતાનંદ મુનિ લખે છેઃ

उरो दक्षे पट्टकं काकुदस्य
कृत्वा धृत्वा वामदोष्णा नतास्यः।
दक्षे पाणौ लेखिनीकुञ्चिताग्रे
बिभ्रतु पत्रीं सोडलिखभ्हुंमिपेत्थम् ॥ २४

'ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુ જમણા સાથળ ઉપર કાગળ મૂકવાની પાટીએ સહિત કાગળને ધારણ કરી તેને ડાબા હસ્તથી પકડી રાખીને સંકુચિત છે આંગળીઓના અગ્ર ભાગ જેમના (કલમપકડી હોવાથી), એવા જમણા હસ્તમાં કલમધારણ કરતા થકા કિંચિત નમ્ર મુખ રાખીને શિક્ષાપત્રી લખતા હતા.' (૨૩,૨૪)

### ૧.૩ 'શિક્ષાપત્રી' નામની સમજ

શ્રીજી મહારાજ રચિત ધર્મગ્રંથ 'શિક્ષાપત્રી' નામ અને તેનો અર્થ સમજવા જેવો છે.

સૌથી પહેલાં આ નામ ક્યાં અને કેવી રીતે વપરાયું છે તે જોઈએ.

છ વેદાંગોમાં એક વેદાંગનું નામ શિક્ષા છે. વેદમંત્રોના ઉચ્ચાર અંગે એમાં સમજ આપવામાં આવેલી છે.

કૃષ્ણ યજુર્વેદના તૈતિરિય ઉપનિષદના પહેલા વિભાગનું નામ શિક્ષાવલ્લી છે. એના બીજા અનુવાદ (એટલે અધ્યાયમાં ) એનો અર્થ સમજાવેલો છે. એ અર્થ પ્રમાણે સ્વર, વર્ગ, માત્રા, બળ, સામ, સંધિ એ છ અંગોના જ્ઞાનને શિક્ષા કહેવાય છે.

આ બે પૈકી એક પણ અર્થ, 'શિક્ષાપત્રી' નામમાં સૂચિત થતો નથી.

વલ્લભ સંપ્રદાયના શ્રી હરિરાયજીએ પોતાના નાના ભાઈ ગોપેશ્વરરાયજીને એમની પત્નીના મૃત્યુનો શોક હળવો કરવા માટે લખેલા એકતાલીશ પત્રોના સમૂહનું નામ 'શિક્ષાપત્રી' છે.

ચૈતન્ય મહાપ્રભુજી શ્રી ગૌરાંગદેવે હરિસંકીર્તનનાં આઠ શ્લોકની રચના કરેલી કહેવાય છે તેને 'શિક્ષાષ્ટકમ્' કહેવામાં આવે છે.

આ બંનેમાં શિક્ષા શબ્દ જે અર્થમાં વપરાયેલો છે તે અર્થમાં એ શબ્દ શિક્ષાપત્રી નામમાં વપરાયેલો નથી.

શબ્દકોશ પ્રમાણે શિક્ષા એટલે શિખામણ, પાઠ, ક્રમ, ડંડ, શાસન વગેરે અર્થો થાય છે. પણ એ બધા અર્થો પણ 'શિક્ષાપત્રી' સંદર્ભે લાગુ પડતા નથી.

'શિક્ષાપત્રી'નો સામાન્ય અર્થ તો 'શિક્ષાયાઃ પત્રી શિક્ષાર્થા પત્રી વા' એટલો જ થાય છે.

રમેશચન્દ્ર લા. પંડ્યા લખે છે, 'શિક્ષાપત્રી નામમાં શિક્ષા શબ્દ 'હિતતમ્ ધર્મતત્વ' એ અર્થમાં વપરાયેલો છે; અર્થાત્ 'હિતતમ્ ધર્મતત્વ'નો પ્રકાશક ગ્રંથરત્ન એટલે શિક્ષાપત્રી. શિક્ષાપત્રીના ભાષ્યમાં હિતતમ્ ધર્મતત્વનો અર્થ સમજાવતાં કહે છે કે, 'યત્ હરિણાં પ્રોકતં પ્રવર્તિતં વા ।' જે ધર્મ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણે પોતે કરેલો હોય અને પ્રર્વતાવેલો હોય તે હિતતમ્ ધર્મ કહેવાય. (વડતાલ-દર્શન, પૃ.૨૧૦)

### ૧.૪ શિક્ષાપત્રી સર્જન સ્થાન-શ્રીહરિ મંડપ

'શિક્ષાપત્રી' શ્રીહરિએ વડતાલ ધામમાં રચી. પોતે લખી અને વડતાલ ધામમાં રહીને લખી એ અંગે 'શિક્ષાપત્રી' (શ્લોક નં-૨) માં શ્લોક છેઃ

लिखामी सहजानंद स्वामी सर्वान्निआश्रितान् ।
नानोदेशस्थितान् शिक्षापत्री वृत्तालयस्थितः ॥ २

વડતાલધામમાં શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર ખાતે શ્રીહરિ મંડપ નામે સ્થાન છે ત્યાં બિરાજી શ્રીજી મહારાજે શિક્ષાપત્રી સર્જન કર્યું હતું.

શ્રીહરિ મંડપ એટલે શ્રીજી મહારાજનું નિવાસસ્થાન. ભગવાન શ્રીહરિ અહીં નિવાસ કરીને રહેતા તેની ચિરંતન સ્મૃતિ રુપે આજે પણ સ્નાન માટેની ચોકડી, સ્નાન માટે પાણીની તાંબાકુડી, પાણી ગરમ કરવા માટેનું દેગડું અને અનેક પ્રસાદિની વસ્તુઓ અહીં સંગ્રહાઈ છે અને તેનાં દર્શન થકી લાખો સત્સંગીઓ શ્રીજીની ઉપસ્થિતિ સાક્ષાત અનુભવે છે.

ઈતિહાસ એમ કહે છે કે, મંદિરથી નૈઋત્ય ખૂણામાં પૂર્વે અહીં એક કોઠી હતી, તેને પડાવીને શ્રીહરિએ અહીં મંડપ બનાવડાવેલ.

હરિમંડપ હાલ છે જ્યાંય, એક કોઠો અસલ હતો ત્યાંય;
પાસે રહીને તે કોઠો પડાવ્યો, હરિમંડપ હરિએ કરાવ્યો.

એ પણ સંતોના ધ્યાન માટે...

સંપ્રદાયનાં શાસ્ત્રોમાં એમ નોંધાયું છે કે, એકવાર ભગવાન શ્રીહરિએ ભગવદાનંદ સ્વામી આદિક ભણનારા સંતોને બોલાવી કહ્યું કે 'અમે સૌને ધ્યાન કરવા માટે યોગ્ય અને એકાંત સ્થાન નારાયણ મહોલ કરાવેલ તે રામપ્રતાપભાઈને ધ્યાન કરવા અને રહેવા આપ્યો, પછી હરિમંડપ કરાવ્યો તે સૌને ધ્યાન કરવા અનુકૂળ છે. અક્ષરમુક્તો પણ હરિમંડપમાં આવી ધ્યાન કરે છે. અમે અક્ષરમુક્તોને હરિમંડપમાં આવવાનું કારણ પૂછ્યું તો જવાબ મળ્યો કે, આ હરિમંડપ અને અક્ષરધામ એક છે. અહીં જે તમારું રુપ છે તે અક્ષરધામમાં છે. માટે અહીં આવીને તમારું ધ્યાન ધરીએ છીએ.' એમ કહી શ્રીહરિએ ભણનારા સંતોને આજ્ઞા કરી કે, તમે સૌ ભણનારા કલ્યાણ માટે હરિમંડપમાં મારી મૂર્તિમાં ચિત્ત રાખી ધ્યાન ધરજો. આ પ્રમાણે શ્રીહરિનું અતિ પ્રિય નિવાસસ્થાન હોવાથી આ સ્થળ સંપ્રદાય માટે પ્રસાદીનું બની રહેલ છે.

'શ્રીહરિલીલામૃત' (૧/૫/૩૪)માં ગવાયું છેઃ

રુડો મંડપ નૈરુતે છે, પ્રસાદીનું સ્થાન પવિત્ર એ છે;
જહાં બીરાજી જનને પ્રબોધિ, શિક્ષાની પત્રી ઘનશ્યામશોધિ.

કોઈક સંતે કહ્યું છે કે, '..જ્યારથી આ વિશ્વનું સર્જન થયું અને અધ્યાત્મિકતાનો સૂર્યોદય થયો ત્યાર પછી આજ સુધીમાં સ્વયં પરબ્રહ્મના હસ્તે આલેખાયેલ કોઈ ગ્રંથરત્ન હોય તો તે આપણી આચારસંહિતા શિક્ષાપત્રી છે અને તેનું આ મંડપમાં પ્રાગટ્ય થયું છે. એવો પવિત્ર આ હરિમંડપ છે.'

વડતાલસ્થિત શ્રીહરિમંડપમાં આજે શ્રી ઘનશ્યામ મહારાજની કાષ્ટ પ્રતિમા, પ્રસાદીની ૬૩ જેટલી અર્ચા છબિઓ અને સુખશય્યાનાં દર્શન થાય છે. નીચેના ભાગે શિક્ષાપત્રી આલેખનની દિવ્ય ક્ષણોને જીવંત બનાવતી શ્લોકાત્મક સ્મૃતિઓ કંડારવામાં આવી છે.

આ સ્થાનની અનેક દિવ્ય લીલાઓ છે.

### ૧.૫ 'સત્સંગિજીવન'માં શિક્ષાપત્રી

શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન' ગ્રંથના ચોથા પ્રકરણના ૪૪માં અધ્યાયમાં શિક્ષાપત્રી ગૂંથી લીધી છે. કારણ કે, વિ. સં. ૧૮૮૫ના ધનતેરસના દિવસે શ્રીજી મહારાજે શતાનંદમુનિને આજ્ઞા આપેલી કે, 'શિક્ષાપત્રી મલ્લિખિવતાં ગ્રંથનાદૌ ત્વ મંજસગ । પદ્યૈનુષ્ટુભૈરવ મહાગ્રંથં તતઃ કુરુ ॥ 'સત્સંગિજીવન' નામનો મહાગ્રંથ પછી કરજો પણ તે પહેલાં, મારી લખેલી શિક્ષાપત્રી મેં જે અનુષ્ટુપ છંદમાં રચેલી છે તે કાયમરાખીને એ ગ્રંથમાં તમે તત્કાળ ગૂંથો.' આ આજ્ઞા પ્રમાણે શતાનંદ મુનિએ 'શિક્ષાપત્રી'ને 'સત્સંગિજીવન'માં ગૂંથી લીધી.

શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજી (ગાંધીનગર) આ સંદર્ભે વધુમાં એમ લખે છે કે, 'શ્રીહરિની આજ્ઞાને સાંભળીને સ્વામી (શતાનંદ મુનિ) શ્રી ગોપીનાથજી મહારાજના મંદિરની નજીક પાછળના ભાગમાં પોતાની નાની ઓરડીમાં આવીને બેઠા. શ્રીહરિની આજ્ઞાને શુભ મુહૂર્ત માનીને શિક્ષાપત્રી રચવા લાગ્યા. ('સત્સંગિજીવન', ૫/૬૬/૩૫) ધનતેરશને દિવસે રચવા શરુ કરેલી 'શિક્ષાપત્રી' કાર્તિક સુદ-૨ ભાઈબીજને દિવસે (પાંચ જ દિવસમાં) પૂર્ણ કરી. તેના શ્લોક ૨૧૨-બસોને બાર થયા.

ત્રયોદશી ધનાઘાડડસીત્ દાનીં નૃપસત્તમ।
પૂર્ણ યમદ્વિતીયાદાં સા કૃતા તેન સદ્વિયા।
શ્લોકાઃ શતદ્વયં તસ્યા આસંશ્ચ દ્વાદશોત્તરમ્॥

('સત્સંગિજીવન', ૪/૬૭/૧-૨) આમ, ૨૧૨ શ્લોકોની શિક્ષાપત્રી 'સત્સંગિજીવન' ગ્રંથમાં શ્રીજી મહારાજની આજ્ઞા થકી, શતાનંદ મુનિએ ગૂંથી લીધી. શિક્ષાપત્રી શ્રીજી મહારાજે અનુષ્ટુપ છંદમાં રચેલી; અને, એવી આજ્ઞા પણ શતાનંદ મુનિને આપી કે 'તે (અનુષ્ટુપ છંદ) કાયમ રાખીને 'સત્સંગિજીવન' ગ્રંથમાં ગૂંથજો.' શતાનંદ મુનિએ એમ જ કર્યું. તેમણે 'સત્સંગિજીવન' ગ્રંથના ૪૩મા અધ્યાયનું છેલ્લું વાક્ય એવું લખ્યું- 'પત્રી' સોડલિખદેભૂમિપ્રેત્થમ્ ॥ 'સત્સંગિજીવન'ના ચોથા પ્રકરણના ૪૪મા અધ્યાયમાં 'શિક્ષાપત્રી' ગૂંથી લેવામાં આવી; એ અધ્યાયમાં 'શિક્ષાપત્રી' સિવાય એક પણ શબ્દ નથી. શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન'ના ચોથા પ્રકરણના ૪૫મા અધ્યાયમાં પ્રથમ વાક્ય આવું લખ્યું- લિખિત્વા પત્રિકામિત્વં તસ્યારચ પ્રતિમાષ્ટ કમા

આવી રીતે 'શિક્ષાપત્રી' કાયમી ગ્રંથસ્થ થઈ.



# 'વચનામૃત' માં વડતાલનાં પ્રકરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | સં. ૧૮૮૨ કારતક સુદ ૧૧ | ૦૨-૧૧-૧૮૨૫ | મંગળવાર | ગોમતીજીની કાંઠે આંબાવાડિયામાં |
| ૨ | સં. ૧૮૮૨ કારતક સુદ ૧૩ | ૨૨-૧૧-૧૮૨૫ | ગુરુવાર | ગોમતીજીની કાંઠે આંબાવાડિયામાં |
| ૩ | સં. ૧૮૮૨ કારતક વદ ૧૧ | ૦૬-૧૨-૧૮૨૫ | બુધવાર | શ્રી લક્ષ્મી. મંદિરમાં |
| ૪ | સં. ૧૮૮૨ માગશર સુદ ૧૦ | ૧૯-૧૨-૧૮૨૫ | મંગળવાર | શ્રી લક્ષ્મી. મંદિરમાં |
| ૫ | સં. ૧૮૮૨ માગશર સુદ ૪ | ૨૯-૧૨-૧૮૨૬ | શુક્રવાર | ગોમતીજીને કાંઠે આંબા નીચે |
| ૬ | સં. ૧૮૮૨ માગશર સુદ ૧૧ | ૦૪-૦૧-૧૮૨૬ | ગુરુવાર | શ્રી લક્ષ્મી. મંદિર આગળ મંચ પર |
| ૭ | સં. ૧૮૮૨ માગશર વદ ૧૪ | ૦૭-૧૦-૧૮૨૬ | રવિવાર | શ્રી લક્ષ્મી. મંદિર આગળ મંચ પર |
| ૮ | સં. ૧૮૮૨ પોષ સુદ ૪ | ૧૨-૦૧-૧૮૨૬ | શુક્રવાર | શ્રી લક્ષ્મી. મંદિર આગળ મંચ પર |
| ૯ | સં. ૧૮૮૨ પોષ સુદ ૮ | ૧૬-૦૧-૧૮૨૬ | મંગળવાર | શ્રી લક્ષ્મી. મંદિર આગળ મંચ પર |
| ૧૦ | સં. ૧૮૮૨ પોષ સુદ ૧૧ | ૧૯-૦૧-૧૮૨૬ | શુક્રવાર | મંદિરમાં લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૧ | સં. ૧૮૮૨ પોષ સુદ ૧૫ | ૨૩-૦૧-૧૮૨૬ | મંગળવાર | મંદિરમાં લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૨ | સં. ૧૮૮૨ પોષ સુદ ૨ | ૨૫-૦૧-૧૮૨૬ | ગુરુવાર | મંદિરમાં લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૩ | સં. ૧૮૮૨ પોષ વદ ૭ | ૩૦-૦૧-૧૮૨૬ | મંગળવાર | મંદિરમાં લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૪ | સં. ૧૮૮૨ પોષ વદ ૯ | ૦૧-૦૨-૧૮૨૬ | ગુરુવાર | શ્રી લક્ષ્મી. મંદિર આગળ |
| ૧૫ | સં. ૧૮૮૨ પોષ વદ ૧૧ | ૦૩-૦૨-૧૮૨૬ | શનિવાર | લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૬ | સં. ૧૮૮૨ પોષ વદ ૧૩ | ૦૪-૦૨-૧૮૨૬ | રવિવાર | લીંબડાના વૃક્ષ નીચે |
| ૧૭ | સં. ૧૮૮૨ પોષ વદ અમાસ | ૦૬-૦૨-૧૮૨૬ | મંગળવાર | મંદિર સન્મુખ હવેલીમાં |
| ૧૮ | સં. ૧૮૮૨ મહા સુદ ૧ | ૧૭-૦૨-૧૮૨૬ | બુધવાર | મંદિરના મંડપમાં |
| ૧૯ | સં. ૧૮૮૨ મહાસુદ ૨ | ૦૮-૦૨-૧૮૨૬ | ગુરુવાર | મંદિરની ઉગમણી કોરની રૂપચોકીમાં |
| ૨૦ | સં. ૧૮૮૨ મહાસુદ ૩ | ૧૦-૦૨-૧૮૨૬ | શનિવાર | લીંબડાનાવૃક્ષનીચે |

- વરતાલનાં ૨૦ વચનામૃત શ્રી લક્ષ્મીનારાયણદેવ મૂર્તિપ્રતિષ્ઠા તિથિ અને તે પછીનાં છે.
- વરતાલ (અને ગઢડામાં પણ) ખાતે થયેલ મૂર્તિપ્રતિષ્ઠાના દિવસનું એક વચનામૃત છે.
- વડતાલ ખાતે મંદિર અને તેની આજુબાજુ બિરાજીને શ્રીહરિએ નવ વચનામૃત કહ્યાં છે.
- વડતાલ ખાતે મંદિરના દરવાજાની હદ સુધી પટાંગણમાં શ્રીહરિએ આઠ વચનામૃત કહ્યાં છે; જેમાં લીંબડાના વૃક્ષ નીચે સાત અને હવેલીમાં એક કહેલ છે.
- વડતાલમાં ત્રણ વચનામૃત ગોમતીજીને કાંઠે આંબાવાડિયામાં બિરાજીને શ્રીહરિએ કહેલ છે.
- વડતાલ ૧૧ સં. ૧૮૮૨ ના પોષ સુદ પૂનમના (૨૩-૧-૧૮૨૬) દિવસનું છે. એ દિવસે બે સભા થઈ હતી. આમ આ દિવસનાં ૨ વચનામૃત છે.
- વડતાલ ખાતે ચાર માસના સમયગાળામાં ૨૭ દિવસમાં આ ૨૦ વચનામૃત કહેવાયાં છે.
- વડતાલનાં ૨૦ વચનામૃતોની ૧૦ વિશિષ્ટતાઓ શ્રી રમેશચન્દ્ર લા. પંડ્યાએ 'વડતાલ દર્શન' (પૃ. ૨૪૦ થી ૨૪૨) માં સમજાવી છે. તે મુજબઃ

૧ : સંપ્રદાયના આચાર્ય, ત્યાગી અને ગૃહસ્થ, નાના મોટા સર્વ આશ્રિતોએ જીવનમાં જાણવા-સમજવા જેવી પાંચ ખાસ બાબતો, ભગવાન શ્રી સ્વામિનારાયણે વરતાલ-૧૮ માં સમજાવી છે.

૨ : વેદ, સાંખ્ય, યોગ અને પંચરાત્ર એ ચાર શાસ્ત્રનો સમન્વય કરીને જે ભગવાનના સ્વરૂપોનો નિશ્ચય અને આશ્રય કરે છે તે જ સંપૂર્ણ જ્ઞાની કહેવાય છે તે વાત વરતાલ-૨ માં સમજાવવામાં આવી છે.

૩: ભગવાનની મૂર્તિનું ધ્યાન કેવી રીતે કરવું અને મૂર્તિને કેવી રીતે ધારવી એની રીત વરતાલ-૪ માં સમજાવી છે.

૪: નિર્વિકલ્પ સમાધિ કોને કહેવાય તેની વિગત બુધ્ધિગમ્ય રીતે વરતાલ-૧ માં સમજાવવામાં આવી છે.

૫: ભગવાનના આશ્રયનું શું રૂપ છે અને એ આશ્રય કેવી રીતે કરવો જોઈએ તે વાત વરતાલ-૫ માં જણાવાઈ છે.


૬: શ્રીજી મહારાજે વરતાલ-૩ માં સ્પષ્ટતા કરી છે કે, ભગવાનના સ્વરૂપના માહાત્મ્ય જ્ઞાનયુક્ત ભક્તિએ જ સર્વ સાધનોમાં સદ્યઃ કાર્યસાધક અને શ્રેષ્ઠ સાધન છે.

૭: ભગવાનના ભક્ત-પુરુષોનો સંગ એ જ કલ્યાણદાતા છે એ સિધ્ધાંતને વરતાલ-૧૧માં પ્રતિપાદિત કરેલ છે.

૮: જીવને જ્યારે ભરત ખંડમાં મનુષ્યદેહ મળે છે ત્યારે કાં ભગવાન પોતે અથવા એમનું સાધર્મ્ય પામેલા સંતો અવશ્ય વિચરતા હોય છે. જીવે, એમને શોધીને ઓળખીને એમનો આશ્રય કરવો જોઈએ એ અતિ મહત્વની વાત વડતાલ-૧૯માં પહેલવહેલી વખત શ્રીહરિએ કહી છે.

૯: વડતાલ પ્રકરણનાં ૨૦ વચનામૃત છે પણ તેમાં વધુમાં વધુ પ્રશ્નો, ગૃહસ્થ આશ્રિતો વડોદરાના શાસ્ત્રી પંડિતોના છે.

૧૦: એક સજ્જને વિનમ્ર ભાવે સૂચન કર્યું કે, જગતની દૃષ્ટિએ મોટા ગણાતા માણસને કંઈ ચમત્કાર બતાવવામાં આવે તો સંપ્રદાયનો પ્રચાર અને વિકાસ થાય ત્યારે શ્રીહરિએ જે જવાબ આપ્યો તે વરતાલ-૧૮માં વર્ણવાયો છે.





## શ્રીહરિના આશિષ

ભગવાન સ્વામિનારાયણના આશિષ છે

અહીં અધ્યાત્મિક અને ભૌતિક બંને પ્રકારના મનોરથો પૂરા થશે.

વિ. સં. ૧૮૮૧ને કાર્તિક સુદ બારશને મંગળ દિને ભગવાન સ્વામિનારાયણે વડતાલ મંદિરમાં સ્વહસ્તે મૂર્તિપ્રતિષ્ઠાવિધિ કરી. આ પ્રસંગે બે મહત્વના આશિષ શ્રીહરિએ સૌને આપ્યા હતા.

શ્રી લક્ષ્મીનારાયણદેવની મૂર્તિ આગળ ઊભા રહીને એમણે આશ્રિતોને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે,

જીવનમાં ભૌતિક દૃષ્ટિએ સુખ મેળવવા માટે તમે જે કાંઈ સંકલ્પો, આ શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ સમક્ષ ઊભા રહીને દાસભાવે કરશો તે બધા મનોરથો, હું આ લક્ષ્મીનારાયણની મૂર્તિમાં પ્રત્યક્ષ હાજર રહીને પૂરા કરીશ. એ નિશ્ચિત માનજો.'

શ્રી હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ આગળ ઊભા રહીને ભગવાનશ્રી સ્વામિનારાયણે આશ્રિત સમસ્તને ઉદ્દેશીને કહ્યું કેઃ

'જો તમે આત્યંતિક શ્રેય મેળવવાના હેતુથી અમારા આ શ્રી હરિકૃષ્ણ નામના સ્વરૂપની અનન્યભાવે સેવા ભક્તિ, ઉપાસના કરશો તો, આ જન્મમાં જ હું તમારું આત્યંતિક કલ્યાણ કરીશ.'

ભગવાન સ્વામિનારાયણના આ બંને આશિષ શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન' ગ્રંથમાં અમૃતાક્ષરે નોંધેલા છે.

# શ્રી લક્ષ્મીનારાયણદેવ મંદિર, વડતાલના પ્રથમ મહંત અક્ષરાનંદ સ્વામી

વડતાલ મંદિરના પ્રથમ મહંત તરીકે શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીની નિયુક્તિ કરી હતી. 'નંદમાળા' માં ગવાયું છે : 'અક્ષરાનંદ' મુનિ બુધ્ધિમંત, જેને હરિએ કીધા વરતાલના મહંત.

શ્રીહરિએ વિ. સં. ૧૮૭૮ના ચૈત્ર માસમાં વરતાલમાં મંદિરનું ખાતમૂહુર્ત કર્યું તે દિવસોની વાત છે. એક દિવસ શ્રીહરિ નારાયણમહોલમાં બિરાજતા હતા. સન્મુખ અગ્રણી સંતો અને હરિભક્તો બેઠા હતા. શ્રીહરિએ પૂછ્યું, 'અમે મંદિરનું ખાતમૂહુર્તનું કામ પૂર્ણ કર્યું છે. રાજનીતિ અને વ્યવહારમાં પારંગત એવા કોણ છે જે, અહીં મોટું મંદિર કરી શકે?' મુક્તાનંદ સ્વામી બોલ્યા, 'પ્રભુ! એ માટે બ્રહ્માનંદ મુનિ યોગ્ય છે. જનમનને રીઝવીને ધનનું ઉપાર્જન કરવામાં માહીર છે. શ્રીહરિએ મુક્ત મુનિની વાત સ્વીકારી, બ્રહ્માનંદ મુનિને કહ્યું, 'બ્રહ્મમુનિ! આજથી મંદિરનો ભાર તમારા પર મૂકીએ છીએ. તમે અહીં રહી મંદિરનું કામ કરાવો.' એટલે બ્રહ્મ મુનિએ કહ્યું, 'પ્રભુ! આપની આજ્ઞા સ્વીકારી. પણ, મને આ કામ માટે અક્ષરાનંદ સ્વામી આપો.' નિત્યાનંદ સ્વામીએ બ્રહ્મ મુનિની વાતને ટેકો આપ્યો. આથી, શ્રીહરિએ અક્ષરાનંદ સ્વામીને આજ્ઞા આપતાં કહ્યું, 'તમે બ્રહ્માનંદ સ્વામીની સાથે રહીને મંદિરનું કામ સંભાળજો. અક્ષરાનંદ સ્વામીએ શ્રીહરિને પ્રાર્થના કરી, 'પ્રભુ! આનંદાનંદ સ્વામીને પણ અહીં અમારી સાથે રાખો.' શ્રીહરિએ આનંદાનંદ સ્વામીને પણ વડતાલમાં મંદિર નિર્માણ કાર્યમાં જોડાવા આજ્ઞા આપી. આ સૌના પ્રયત્ન થકી ભવ્ય મંદિરનું નિર્માણ થયું.

વડતાલ મંદિર નિર્માણની કામગીરી અક્ષરાનંદ સ્વામીએ ખંતથી કરી. શ્રીહરિ જ્યારે જ્યારે વડતાલ પધારતા, ત્યારે અક્ષરાનંદ સ્વામીને બોલાવીને કામકાજ પૂછતા. જવાબમાં સ્વામી શ્રીહરિને સત્સંગ દ્વારા એમની અપૂર્ણતા દૂર કરવા પ્રાર્થના કરતા. અક્ષરાનંદ સ્વામી જે રીતે મંદિરનું કામ કરાવતા તે જોઈ શ્રીહરિ ખૂબ રાજી થતા. મંદિરનું કામ પૂર્ણ થતાં શ્રીહરિએ સ્વામીને પ્રતિષ્ઠાવિધિની તૈયારી કરવા આજ્ઞા આપી, અને સ્વામીએ એ વ્યવસ્થા પણ સંભાળી. આવી રીતે ધારુ તળાવ ગળાવવાની પણ આજ્ઞા શ્રીહરિએ સ્વામીને કરેલી. 'શ્રીહરિલીલામૃત' (૬-૮, વિ. ૪૪)માં ગવાયું છે :

શ્રી અક્ષરાનંદ મુનિન્દ્ર પાસ, પ્રભુજીએ વેણ કર્યું પ્રકાશ;  
આ ધામથી ઉત્તરમાંહિ જ્યાંય, આંબા ઘણા બેઠક છે ત્યાંય.  
છે ધારુ નામે સર જેહ મોટું, ખોદાવીને તે કરજો જ મોટું;  
બોલ્યા મુનિજી જમી તેહ ટાણે, કરાવશું નાથ કહ્યા પ્રમાણે.  
શ્રી અક્ષરાનંદ મુનિન્દ્ર જેહ, ખોદાવીયું ખૂબ તળાવ તેહ;  
નિહાળીને રાજી થયા દયાળ, કહે પ્રભુજી વળી તેહ કાળ.  
આ ખોદવાનું છે હજી અધૂરું, હવે કરાવો મુનિ તેહ પૂરું;  
માંડ્યું મુનિએ સુણીને કરવા, મહાપ્રભુને ખુદ ઉપજાવા.

સં. ૧૮૮૬માં વડતાલ મંદિરમાં રણછોડજીની પ્રતિષ્ઠા થઈ. શ્રીહરિએ ગઢડા ખાતે મંદવાડ ગ્રહણ કરેલો. શ્રીહરિએ ભગુજી દ્વારા સંદેશો મોકલાવી અક્ષરાનંદ મુનિને પ્રતિષ્ઠાવિધિની તૈયારીઓ કરવા જણાવેલું. આચાર્યશ્રી રઘુવીરજી મહારાજશ્રીએ વિ. સં. ૧૮૮૬ના ચૈત્ર વદ ૭ના રોજ વડતાલ મંદિરમાં રણછોડજીની મૂર્તિપ્રતિષ્ઠા કરેલી.

શ્રીહરિએ વરતાલ મંદિરના મહંત તરીકે અક્ષરાનંદ સ્વામીની નિમણૂંક કરી, એમની સેવાઓને બિરદાવેલી. અક્ષરાનંદ સ્વામીએ પાંત્રીસ જેટલાં વર્ષ સુધી વડતાલ મંદિરના મહંત તરીકે સેવા બજાવી.વડતાલ મંદિરમાં મહંત તરીકે સેવા કરતાં કરતાં વિ. સં. ૧૯૧૯ કારતક વદ ૧૧ના રોજ અક્ષરાનંદ સ્વામી પોતાનો પંચભૌતિક દેહ છોડી શ્રીહરિના અક્ષરધામમાં પધાર્યા.

'ભક્તચિંતામણી' માં ગવાયા મુજબ, અગાઉના હાલાર દેશના અને હાલમાં જામનગર જિલ્લાના મોડા ગામના ક્ષત્રિય જાડેજા પરિવારમાં અક્ષરાનંદ સ્વામીનો જન્મ થયેલો. તેમનું પૂર્વાશ્રમનું નામ રણમલજી હતું. ગંગાજળા ગામ પાસે આવેલ નદીમાં સ્નાન કરતા શ્રીહરિનાં દર્શન તેમણે પ્રથમ વાર કરેલાં. એ સમયે શ્રીહરિએ એક મગરનો ઉધ્ધાર કરેલો. આ ચમત્કાર જોઈને રણમલજી શ્રીહરિના આશ્રિત થયેલા. સંતસમાગમથી તેઓને સંસારમુખમાં વૈરાગ્ય થયો. પરિણામે ઘર, કુંટુંબ ત્યજીને સાધુ થવા ગઢપુર આવ્યા અને સાધુ દીક્ષા આપવા માટે શ્રીહરિને પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમને કહ્યું કે, 'તમે થોડો સમય બોચાસણ જાવ અને કાશીદાસભાઈને કામકાજમાં મદદ કરો.' શ્રીહરિની આજ્ઞાથી તેઓ ૬ માસ કાશીદાસભાઈને ત્યાં રહ્યા અને તેમનું કામકાજ કર્યું. ત્યાંથી તેઓ ગઢપુર આવ્યા અને પાર્ષદ રૂપે રહી શ્રીહરિની સેવા કરી. ત્યારબાદ સાધુ બનવા માટે તેમણે ફરીથી શ્રીહરિને પ્રાર્થના કરી. રણમલજીનો સરળ સ્વભાવ, સેવાભાવના વગેરે સદ્‌ગુણોથી પ્રસન્ન થયેલા શ્રીહરિએ તેમને સાધુદીક્ષા આપી અક્ષરાનંદ નામ આપેલ.

# વડતાલના બાગ

**જ્ઞાનબાગ :**

વડતાલ ગામમાં પૂર્વ બાજુએ (ઉગમણો ઓટો અગર બેઠક) જ્ઞાનબાગ આવેલ છે. આ બેઠકવાળી જગ્યા સહજાનંદ સ્વામીની ખાસ પ્રસાદીભૂત છે. તે સ્થળે એમણે હોળીના રંગોત્સવ વારંવાર કરેલા. ગામમાં મંદિર થતા પહેલાં ત્યાં સભાસ્થાન હતું ને પોતે ત્યાં ચોતરો કરાવી તે ઉપર મંચ બાંધી તેમાં વ્યાસપીઠ રાખી હજારો ભક્તોને સત્સંગ કરાવતા. આ ઉપરાંત ત્યાં બે આંબાના વૃક્ષની ડાળીઓ વચ્ચે નિષ્કુળાનંદ મુનિએ બાર બારણાંનો હિંડોળો ઉત્તમ કારીગરીથી બાંધ્યો હતો અને તે હિંડોળા ઉપર સહજાનંદ સ્વામી ઝૂલ્યા હતા, ને બારે બારણાથી ભક્તોને એકી સાથે સન્મુખ દર્શન આપ્યાં હતાં આ પ્રમાણે સહજાનંદ સ્વામીએ અનેક લીલાઓ કરી આ સ્થાનમાં 'રમણરેતી' કરી છે. ધર્મ ,જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ વગેરે વિષયો પર મનનીય ઉપદેશ સહજાનંદ સ્વામીએ આ સ્થળે કરેલ છે. તેથી તે સ્થળનું 'જ્ઞાન બાગ' એવું સાર્થક નામ રાખ્યું છે. વર્તમાનમાં કાનજી ભગતે એમના પરિશ્રમ, ભક્તિ અને સેવાના બળે આ સ્થળને વધુ દર્શનીય બનાવેલ છે. વડતાલ ધામનું એક અનોખું સંગ્રહસ્થાન બનેલ છે.

**બાગ :**

ગામથી ઈશાન ભાગે વિશાળ બાગ આવેલ. શ્રીહરિ ત્યાં પધારતા. શ્રી લક્ષ્મીનારાયણદેવની પ્રતિષ્ઠા વખતે વડોદરા ગાયકવાડ સરકારના પ્રતિનિધિ કરીકે નારુપંત નાના હાથી અને સેના સહિત આવેલા ને અહીં ઉતરેલા. આ બાગમાં જ્યાં કૂવો છે ત્યાં શ્રીહરિની પધરામણી કરાવી નારુપંતે શ્રીહરિની પૂજા કરેલી.

આ બાગથી પૂર્વમાં જગતા પગીનું ઉમૈડાવાળું પ્રસાદીનું ખેતર આવેલ છે. અહીં રાયણનાં ઝાડ ખૂબ. જગતા પગીનાં બા જીજીબા રાયણાંને સંગ્રહે, ને તેને સૂકવે ને તેની કોકડિયો બનાવે. શ્રીહરિ તેમના આ ખેતરમાં, નરસંડાથી વડતાલ આવતાં, પધાર્યા. જીજીબાએ દુઃખ સાથે પ્રભુને પ્રાર્થ્યું, 'હે નાથ! આ સૂકાં રાયણાં આપને ધરાવી નહીં શકું કેમકે તેનાથી ડચૂરો ભરાય છે. મને ક્ષમા કરશો.' શ્રીહરિએ જીજીબાનો ભાવ જોઈ કહ્યું, 'લાવો. આ રાયણાં બહુ સારાં છે. હવે એના ખાવાથી ડચૂરો નહીં ભરાય. શ્રી લક્ષ્મીનારાયણદેવને દર વર્ષે દશમો ભાગ ધરાવજો.' શ્રીહરિના આશિષ થકી એ રાયણ મીઠી થઈ ગઈ. આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રીએ સાચે ગાયું કે,


'ભાવથી જ રીઝે ભગવાન,
વિના ભાવે તજે પકવાન.'

નારાયણ બાગના કર્તા દાદાગુરુ પ્રભુતાનંદજી મંદિરથી ઉત્તર ભાગમાં આવ્યો નારાયણ બાગ. આ જગ્યા વડતાલ ગામના પટેલોએ શ્રીહરિને અર્પણ કરેલી. એ સમે શ્રીહરિએ દાદાગુરુ પ્રભુતાનંદ સ્વામીને તે જગ્યા પર બાગનું નિર્માણ કરવા કહ્યું, પ્રભુતાનંદ સ્વામીએ જે બાગ બનાવ્યો તે નારાયણ બાગ. શ્રીહરિએ અહીં કૂવો ખોદાવ્યો તે નારાયણ કૂપ. અહીં જ્યારે શ્રીહરિએ સ્નાન કર્યું ત્યારે તે સ્નાનું પાણી દાદાગુરુ પ્રભુતાનંદજીએ એકત્ર કરી નારાયણ કૂપમાં પધરાવેલ અને એમ કરી તેને પવિત્ર બનાવેલ.

ગોપાળાનંદ સ્વામી એક કુશળ વૈદરાજ હતા. સ્વામી શારીરિક તેમજ માનસિક રોગોના ઉપચાર કરતા. એમણે કરેલ ઈલાજની અનેક વાતો સંપ્રદાયમાં પ્રચલિત છે. માનસિક રોગોના ઉપચાર અર્થે વડતાલ રઘુવીર વાડી ખાતે સ્વામીજીએ બ્રાહ્મી ઉછેરી હતી. શ્રી લક્ષ્મીનારાયણદેવનું વડતાલ ખાતે મંદિર થયા પછી સં. ૧૮૮૯માં વડતાલ મંદિરના મહંતની વિનંતીથી દેવસ્થાનની આજીવિકા માટે તથા લોકોના માનસિક રોગો નાબૂદ થાય તે માટે સ્વામીજીએ બ્રાહ્મી વનસ્પતિ રોપાવી. એ સમયે આશીર્વાદ આપતાં સ્વામીજીએ કહેલું કે, 'આ બ્રાહ્મીના પાન મંદિર પાસેથી ખરીદીને લઈ જઈ દર્દીને પાવામાં આવશે તો તેના તમામ પ્રકારના માનસિક રોગો દૂર થશે અને સ્વસ્થતા પ્રાપ્ત કરશે.' માનસિક રોગો તે બ્રાહ્મીથી દૂર થયેલાં.

નોંધ - હજુ હમણાં સુધી આ બ્રાહ્મી વડતાલ ખાતે રઘુવીર વાડીમાં હતી. આ બ્રાહ્મીના છોડ જૂનાગઢ અને કુંડળ ખાતે લઈ જવાયેલા અને ત્યાં સચવાયા છે.

(આધાર - 'શ્રી મહાપૂજા અને તેના પ્રવર્તક શ્રી ગોપાળાનંદ સ્વામીનું જીવન', યજ્ઞપુરુષ સ્વામી, શ્રી સ્વામિનારાયણ મંદિર, જૂનાગઢ, જાન્યુ ૨૦૧૫, પૃ. ૨૨-૨૩)



# વડતાલનો મહિમા

વડતાલનો મહીમા શબ્દોમાં વર્ણવી ન શકાય એટલો અમાપ અને અવર્ણનીય છે, એમ જણાવી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉપાસક અને ચિંતક રમેશચંદ્ર લા. પંડ્યા એમના પુસ્તક 'વડતાલ દર્શન'માં વડતાલ ધામની વિશેષતાઓ વર્ણવતાં લખે છેઃ-


વડતાલ, સંપ્રદાયમાં ભગવાન શ્રી સ્વામિનારાયણની લીલા ભૂમિ ગણાય છે. તે ઉપરાત કર્મભૂમિ અને ઉત્સવભૂમિ પણ ગણાય છે.

સંપ્રદાયનો ઈતિહાસ કહે છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે જેમ વિ. સં. ૧૮૬૨માં ગઢડાના પ્રેમી ભક્તોને નિત્ય દર્શનાદિકનો લાભ મળે એવા હેતુથી શ્રી વાસુદેવનારાયણની મૂર્તિ દાદા ખાચરના દરબારમાં એક ઓરડામાં પધરાવી હતી તેમ એ પછી બે વર્ષે વડતાલના પ્રેમી ભક્તોને દર્શનાદિનો લાભ મળે એટલા માટે વડતાલમાં પણ બદરી વૃક્ષની બાજુએ એક ઓરડીમાં શ્રી નારાયણદેવની મૂર્તિ પધરાવી હતી.

સંપ્રદાયમાં મંદિર કરવા માટે, સૌથી પહેલી પ્રાર્થના-યાચના અને સૌથી પહેલો દસ્તાવેજ વડતાલના ઉત્તમ નિર્વિકલ્પ નિષ્ઠાવાળા પ્રેમી ભક્તોએ કરી આપેલો છે.

જો કોઈ સ્થાનને તીર્થશિરોમણિ મોટું ધામ બનાવવાની ઈચ્છા શ્રીજીમહારાજે, જાહેરમાં વ્યક્ત કરી હોય તો તે પહેલવહેલી એક માત્ર વડતાલ માટે જ કરેલી છે.

શ્રીજી મહારાજે સંપ્રદાયમાં અમદાવાદ, ભુજ, વડતાલ, ધોલેરા, જુનાગઢ અને ગઢડા, આ છ સ્થળોએ મંદિરો કર્યા અને તેમાં સ્વહસ્તે ભગવતપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરેલી છે પણ એ પૈકી કોઈ મંદિર માટે જો ત્રણ ત્રણ વર્ષ અગાઉથી જાતે ખાતપૂજન કર્યું હોય તો તેવાં સ્થળો બે જ છેઃ એકઃ પહેલું વડતાલ,. ત્યાં વિ. સં. ૧૮૭૮ના ચૈત્ર માસમાં શ્રી લક્ષ્મીનારાયણદેવના મંદિર માટે અને પછી બીજું ગઢડા,. જ્યાં વિ. સં. ૧૮૮૧ના જેઠ સુદ ૧૧ સોમવારના રોજ શ્રી ગોપીનાથ મહારાજના મંદિર માટે ખાતપૂજન કરેલું છે.



પોતે કરાવેલા મંદિરો પૈકી જો કોઈ મંદિર માટે, એમણે, જાતે માથે ઈંટો, પથ્થર અને ચૂનાના તગારા ઉપાડ્યા હોય તો તે પહેલા વડતાલ મંદિર માટે અને પછી ગઢડા મંદિર માટે જ ઉપાડેલા છે.

સંપ્રદાયમાં પોતે કરાવેલા મંદિરો પૈકી જો શ્રીજી મહારાજે જાતે દેખરેખ નીચે કોઈ મંદિર કરાવ્યું હોય તો એવા સ્થળ બે જ છેઃ એક વડતાલ અને બીજું ગઢડા.

સંપ્રદાયમાં પોતે કરાવેલાં મંદિરોમાં જો કોઈ મંદિરમાં 'જ્યાં ધર્મ છે ને ભક્તિ છે ત્યાં જ હું છું. અને જ્યાં હું છું ત્યાં જ ધર્મ અને ભક્તિ છે.' એવું કહીને ધર્મભક્તિ અને વાસુદેવની મૂર્તિઓની પહેલવહેલી પ્રતિષ્ઠા કરી હોય તો એવું સ્થળ એક માત્ર વડતાલ જ છે.

પોતે કરાવેલાં છ મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં હરિકૃષ્ણ નામે પોતાની મૂર્તિ સ્વહસ્તે પ્રતિષ્ઠિત કરેલી હોય તો તે પહેલવહેલી એકમાત્ર વડતાલ મંદિરમાં જ કરેલી છે.

પોતે પ્રતિષ્ઠિત કરેલાં મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં નિજમંદિર પાસે સભા ભરીને, એમણે વચનામૃતો કહેલાં હોય તો તે સૌ પ્રથમ વડતાલ મંદિરમાં બિરાજીને કહેલાં છે. વડતાલમાં એવાં નવ વચનામૃતો કહેલાં છે.

સંપ્રદાયમાં જે સ્થળોએ ભગવાન શ્રી સ્વામિનારાયણે જાતે મંદિરો કરાવ્યાં છે તે પૈકી જો કોઈ મંદિર, ભગવાન અને ત્યાગી ગૃહસ્થ હરિભક્તોની જાતમહેનત યાને સેવાશ્રમયજ્ઞથી નિર્માણ થયું હોય તો તેવું મંદિર એક જ છે- વડતાલ.

એમણે જ પ્રતિષ્ઠિત કરેલી ભગવત્પ્રતિમાઓમાં, જો કોઈ પ્રતિમા શિલ્પી પાસે ઘડાવી ન હોય પણ પ્રાચીન હોય અને તે ખાનગી રાહે સંપ્રદાયેતર કોઈ વૈષ્ણવજનને ત્યાંથી મેળવવામાં આવી હોય તો તેવી યુગલ પ્રતિમા માત્ર વડતાલમાં જ પ્રતિષ્ઠિત કરેલાં શ્રી લક્ષ્મીનારાયણ દેવની છે.

એમણે જાતે પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓ પૈકી જો કોઈ મૂર્તિને વડતાલ સિવાય અન્યત્ર હેતુપૂર્વક લઈ જતાં કુદરતી અવરોધો ઉભા થયા હોય અર્થાત્ પ્રતિમાએ, વડતાલમાંજ સ્થાપિત થવાની ઈચ્છા એ રીતે વ્યકત કરી હોય તો તે એક માત્ર વડતાલમાં, શ્રી લક્ષ્મીનારાયણદેવની યુગલ મૂર્તિએ જ પ્રદર્શિત કરેલી છે. (હ. લી. ક. વિ. ૧૧–૧૨)

એમણે જાતે કરાવેલાં મંદિરોમાં જો કોઈ મંદિર ત્રણ શિખરોનું અને બીજા નાના શિખરો ગણીએ તો નવ શિખરોવાળું

મંદિર કરાવ્યું હોય તો તે સૌ પ્રથમ અને એક માત્ર વડતાલનું જ મંદિર છે.

એમણે જાતે કરાવેલાં છ મંદિરોમાં શિલ્પશાસ્ત્રની દ્રષ્ટિએ અનોખી આકૃતિવાળું કહેવાય એવું અને ઉંચી બાંધણીવાળું મંદિર જો કોઈ હોય તો તે સૌ પ્રથમ અને એકમાત્ર વડતાલનું મંદિર છે.

એમણે સ્વહસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરેલા મંદિરો પૈકી જો કોઈ મંદિરમાં અંદરના ભાગે કોતરેલા પાષાણનાં પૂતળાંઓ ચેતનવત્ ગાતાં, બોલતાં કર્યા હોય તો તે વડતાલ મંદિરનાં જ પૂતળાંઓ છે.

સંપ્રદાયમાં ત્યાગીવર્ગ માટે ધર્મશાળાનું નિર્માણ પહેલવહેલું વડતાલમાં થયેલું.

દ્વારકેશ ભગવાન શ્રી રણછોડરાય અને દ્વારિકાના ગોમતી વગેરે તીર્થો તથા મુદ્રાઅંકનવિધિનું સ્થળાંતર, સંપ્રદાયમાં એક માત્ર વડતાલમાં જ થયેલું છે.

સંપ્રદાયનાં મહાકાર્યો, ભગવાન શ્રી સ્વામિનારાયણે વડતાલમાં બિરાજીને કરેલાં છે.

સંપ્રદાયનું આચાર્યપદ શોભાવી રહેલા ધર્મદેવના કુળના રામપ્રતાપભાઈ અને એમના પરિવારના સભ્યો, સંપ્રદાયમાં પહેલવહેલા વડતાલમાં, વિ. સં. ૧૮૭૫ના ફાગણ સુદ ૧૧ના રોજ આવેલા . એ દિવસે શ્રીજી મહારાજે અને સંપ્રદાયના ત્યાગી ગૃહસ્થ હરિભક્તોને સામા જઈને ઉમળકા ભર્યું સ્વાગત, પહેલવહેલું વડતાલમાં, ટાડણ તળાવ પાસે અને ઉગમણે ઓટે મળેલી સભામાં કરેલું છે.

સંપ્રદાયનું આચાર્યપદ ધર્મદેવના કુળમાં સ્થાપન કરવાનું મહામંગળ કાર્ય શ્રીજી મહારાજે વિ. સં. ૧૮૮૨ના કાર્તિક વદ ૧૧ના રોજ વડતાલમાં બિરાજીને કરેલું છે.

સંપ્રદાયના ધર્મઅર્થના વહીવટ માટે બે વિભાગ કરીને શ્રીજી મહારાજે ધર્મદેવના કુળના બે સભ્યોની એના વહીવટકર્તા આચાર્યપદે નિયુક્તિ પણ એ જ દિવસે વડતાલમાં કરેલી છે.

સંપ્રદાયના ધર્મઅર્થ વહીવટના બે વિભાગોનું એટલે સંપ્રદાયનું બંધારણ જેને 'દેશ વિભાગનો લેખ' કહેવામાં આવે છે તેની વિગતો, શ્રીજી મહારાજે એ જ દિવસે વડતાલમાં બિરાજીને મૌખિક સમજાવેલી છે. પોતાની વાણીરૂપા મૂર્તિ ભગવતી શિક્ષાપત્રીની રચના સર્વજીવોના હિતાર્થે, શ્રીજી મહારાજે, વડતાલમાં નારાયણ મહેલમાં બિરાજીને વિ. સં. ૧૮૮૨ના મહા સુદ ૫ના રોજ અપરાહ્નકાળે કરેલી છે.

સંપ્રદાયના ત્યાગી અને ગૃહસ્થવર્ગના આશ્રિતોની દીક્ષાવિધિ, શ્રીજી મહારાજે વડતાલમાં બિરાજીને નવપ્રતિષ્ઠિત આચાર્યોને અને સંતહરિભક્તોને જાહેર સભામાં ઉપદેશેલી છે. શ્રીજી મહારાજે નવપ્રતિષ્ઠિત આચાર્યોને ઉપદેશીને કરેલી આ દીક્ષાવિધિની વિગતો શતાનંદ મુનિએ 'સત્સંગિજીવન' ૪-૪૬ થી ૫૪ સુધીના નવ અધ્યાયોમાં ગૂંથી લીધેલી છે.

સંપ્રદાયના ત્યાગીવર્ગમાં મંડળો-મંડળ એટલે જેમાં એક કરતાં વધું ત્યાગીઓ હોય તે-એવાં પાંચસો મંડળોની યોજના પણ ભગવાનશ્રી સ્વામિનારાયણે વડતાલમાં બિરાજીને કરેલી છે.

ત્યાગીવર્ગે જોડ સિવાય એકલા ન રહેવાની અને જોડ સિવાય એકલા મંદિર બહાર ન જવાનો પ્રબંધ જે આજે અમલમાં છે તે પહેલવહેલો શ્રીજી મહારાજે વડતાલમાં બિરાજીને પ્રવર્તાવેલો છે.

સંપ્રદાયના ત્યાગીવર્ગના ધર્મો 'ધર્મામૃત'ને 'નિષ્કામશુધ્ધિ' વગેરેની વિગતો તથા સર્ગવિસર્ગનું સ્વરૂપ, આત્માનું સ્વરૂપ તથા જ્ઞાન અને ભક્તિનું સ્વરૂપ અને ફળ અને તેનો અધિકારી કોણ બની શકે છે તથા વ્રતો-ઉત્સવોની વિધિ એ બધી વિગતો પણ શ્રીજી મહારાજે વડતાલમાં વિરાજીને સમજાવેલી છે. શતાનંદ મુનિએ આ બધી વિગતો 'સત્સંગિજીવન'ના ચોથા પ્રકરણના ૪૬ થી ૭૩ સુધીના ૨૮ અધ્યાયોમાં સવિસ્તાર ગૂંથી લીધી છે.

ઉત્સવો તો સંપ્રદાયમાં ઘણા ઉજવાય છે; આજે પણ ઉજવાય છે. પણ એની સુયોગ્ય સમજાવટ અને સર્વાંગી કાર્યવાહી, જેવી વડતાલમાં ઉજવાતી તેવી સંપ્રદાયમાં અન્યત્ર ઉજવાતી હોય એમ જણાતું નથી. દા. ત. પુષ્પદોલોત્સવ., ભગવાન અને ભક્તો, ત્યાગી અને ગૃહસ્થ પુરૂષ હરિભક્તો – એ બે વચ્ચે રમાતો આ રંગમહોત્સવ અલૌકિક આનંદનો દિવસ હોય છે. એમાં પરમ દિવ્યભાવ અને ઉત્કૃષ્ઠ અલૌકિક પ્રેમ ઉપરાંત બે બાબતોની યોજના ખાસ આવશ્યક હોય છે.- રંગ ભરવાના કુંડ અને ફૂલનો હિંડોળો. ઉત્સવ અંગે રંગ ભરવાના મોટા કુંડ, જેવા વડતાલમાં શ્રીજી મહારાજે કરાવેલાં છે. પહેલાં કાચા અને પછી પાકા – તેવા સંપ્રદાયમાં અન્યત્ર કોઈ જગ્યાએ કરેલા જણાતા નથી,. અને (દોલ સંસ્કૃત શબ્દ છે,. એનો અર્થ હિંડોળો થાય છે.) હિડોળો બાંધવાની જગ્યાની કુદરતી સગવડ જેવી વડતાલમાં છે એવી અન્યત્ર જણાતી નથી.

વડતાલના ઉગમણા ઓટામાં, બે આંબા એવી રીતે જોડાજોડ આવેલા હતા- આજે પણ છે (આજે એ સ્થળે છત્રી કરેલી છે. હાલ જે આંબા છે તે પ્રાચીન પડી ગયેલા આંબાની જગ્યાએ બીજા વાવીને ઉછેરેલા છે.) બંન્ને આંબા વચ્ચે ઝૂલો બાંધીએ એટલું જ અંતર હતું-છે. નિષ્કુળાનંદ સ્વમીએ વિ. સં. ૧૮૭૫માં ઉજવાયેલા પુષ્પદોલોત્સવ પ્રસંગે, એ બે આંબા વચ્ચે બાર બારણાવાળો સુંદર કલાકૃતિ

દાખવતો દોલ તૈયાર કરીને બાંધ્યો હતો.

પરબ્રહ્મ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ, એ પ્રસંગે, એ સ્થળે ગણ્યાં ગણાય નહિ એટલી સંખ્યામાં એકત્ર થયેલા સર્વ પ્રેમી આશ્રિતોને દર્શનસુખ મળે એ માટે કૃપા કરીને દિવ્ય પ્રેમના પ્રતિકરૂપે એ હિંડોળામાં ઝૂલ્યા હતા અને દ્વાદશ રૂપે સર્વને દર્શન દીધાં હતાં અને પોતાના હાથમાં રાખેલી સોનેરી હારથી ગૂંથેલી ફુમતિયાળી લાલ નેત્રછડી (લાકડી) વડે દૂર અને નજીક ચારે બાજુ ઉભેલા જે જે આશ્રિતોએ પુષ્પહાર અર્પણ કર્યા હતા એ બધા પ્રેમ અને વાત્સલ્ય અને કરૂણતાથી નીતરતી દ્રષ્ટિ દાખવીને આવકાર્યા હતા.

પ્રેમાનંદસ્વામીએ એ બે આંબાને અંતરના ઉમળકાથી કોટી ધન્યવાદ આપ્યા છે અને એમને 'અઘહારી' જાહેર કરી શિરસાવંદ્ય ગણીને ગાન કરેલ છેઃ (માણકીએ ચઢ્યા રે મોહન વનમાળી.') એ કીર્તનમાં ત્રીજા પદમાં 'ધન્ય ધન્ય બે આંબા અઘહારી' જાહેર કરી એ પંક્તિઓને અમર કરી છે. આજ એ હિંડોળો, વડતાલમાં સાચવી રખાવેલો જોવા મલે છે.

ઉત્સવ તો સંપ્રદાયમાં બધાં મંદિરોમાં ઉજવાય છે પણ પ્રબોધિની અને રામનવમીના ઉત્સવો ઉપર વડતાલ અવશ્ય જવાની આજ્ઞા તો શ્રીજી મહારાજે એક માત્ર વડતાલ માટે જ કરેલી છે.

શ્રીજી મહારાજે સ્વહસ્તે છ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરેલી છે,. પણ, વડતાલ મંદિર મધ્યે એમણે જે શબ્દો, આ રીતે ઉચ્ચારેલા છે તેવા બીજાં કોઈ મંદિર માટે ઉચ્ચારેલા નથી. આ રહ્યા એ શબ્દોઃ-

જે મુમુક્ષુજનો, પોતપોતાના ગામથી દર પૂર્ણિમાને દિવસે વડતાલ આવીને, મેં પ્રતિષ્ઠિત કરેલાં આ ભગવસ્વરૂપોનું, શ્રધ્ધા અને ભક્તિથી દર્શન કરશે તેમના સર્વ મનોરથો સફળ થશે એમાં કાંઈ શંકા નથી.' (સ.જી.પ્ર. ૪અ. ૨૭-૫૮-૫૦)

શ્રીજી મહારાજે વડતાલ માટે કહ્યું છે કે 'સત્સંગના મધ્યમાં વડતાલ જેવું સુંદર બીજું કોઈ ગામ નથી' (ભ. ચિં. ૭૪-૧૫)

## વડતાલધામ મહિમા

બીજું ધામ વળી વરતાલ, મહાશ્રેષ્ઠ જાણો મહીપાળ. ૫૯
વળી શ્રીજી બોલ્યા છે વચન, સુણો હેતથી સૌ હરિજન;
હરિનવમી પ્રબોધિની માંય, જાવું સૌ જને જાત્રાયે ત્યાંય. ૬૦
મારી આજ્ઞાને જો અનુસરો, બે સમૈયા તે વરતાલે કરો;
એવી આજ્ઞા હંમેશની કીધી, સૌએ સ્નેહથી દિલ ધરી લીધી. ૬૧
વળી વરતાલમાં ઘણી વાર, રહ્યા આવીને ધર્મકુમાર;
બેય આચાર્ય આ સ્થળે સ્થાપ્યા, દેશના ભાગ બે કરી આપ્યા. ૬૨
શિત્રાપત્રી જે ધર્મનો સાર, રચી તે વરતાલ મોઝાર;
મુખ્યદેવ અને મુખ્ય ગાદી, લખ્યા લક્ષ્મીનારાયણ આદિ. ૬૩
માટે વરતાલનો મહિમાય, ગણતાં તે ગણી ન શકાય; ...

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજશ્રી,
શ્રીહરિલીલામૃતમ્, ભા-૩, ક-૭, વિ-૨૩

- - - - - - - - - - - - - - - - - - - - - - - - -

સૂતાં બેસતાં સરવે કાળ, વાલો સંભારે છે વરતાલ;
જેમ ઘરને સંભારે પ્રવાસી, એમ વરતાલને અવિનાશી.
(શ્રીહરિલીલામૃતમ્, ભા-૩, ક-૭, વિ-૨૩)

સખી ગુજરાતમાં એક ગામ વડતાલ કહીએ રે;
ત્યાં વસિયા સુંદરશ્યામ જોવા જઈએ રે. ૧
છે લક્ષ્મીનારાયણ દેવની સંગાતેરે;
રંગ રસિયો રાયરણછોડ જમણે હાથે રે. ૨
છે મૂર્તિ રૂપ રસાળ મંગળકારી રે;
બહુ ઝળકે સુંદર ભાલ જાવું બલહારી રે. ૩
આ ગણપતિ ગુણ ભંડાર છે દરવાજે રે;
વળી પવનસુત હનુમંત આપ બિરાજે રે. ૪
બહુ નરનારી દર્શન કરવા આવે રે;
દાસ નારાયણ નિર્મળ મન હરિગુણ ગાવે રે. ૫

(કવિ નારાયણદાસ પૂંજાજી, ભજનાવલિ, પદ- ૨૧૧, પૃ.૧૨૧, રાજકોટ ગુરુકુળ આવૃત્તિ)

## સાંખ્યયોગી બાઈઓનું મંદિર, વડતાલ

વડતાલના બાપુભાઈ પટેલે બોચાસણ ખાતે વિનંતી કરતાં શ્રીજી મહારાજ બીજા જ દિવસે વિ.સં.૧૮૬૦ના પોષ માસમાં થોડાક સંતો અને અનુયાયીઓ સાથે વડતાલ પધાર્યા. વડતાલ ખાતે બીજા દિવસે વાસણ સુથારની હવેલીએ શ્રીજી મહારાજે પધરામણી કરી. હવેલીમાં શ્રીજી મહારાજ બધે ફર્યા.

આ પધરામણી દરમિયાન વાસણ સુથારના પુત્રને માથે હાથ મૂકી આશિષ આપતાં શ્રીજી મહારાજે એક મહત્વની ભવિષ્યવાણી ઉચ્ચારીઃ "…. બાપુભાઈ! આજે આ સુથારનું ઘર છે. અહીં લાકડાં ઘડવાનું કામ આજે થાય છે. પણ વર્ષો પહેલાં અહીં માણસો ઘડવાનું કામ થતું હતું. આ જ્ઞાની પુરુષોની કથા-કીર્તનની ભૂમિ છે. જેમ તમારા ખેતરનું બદરીવૃક્ષ એ તપોભૂમિ છે તેમ, આ જ્ઞાનભૂમિ છે. ભવિષ્યમાં અહીં અખંડ કથાવાર્તા હરિનામ સંકીર્તન થશે." (વડતાલ દર્શન,પૃ. ૯૩)

વાસણ સુથારના ઘર માટે શ્રીજી મહારાજે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે થોડાં વર્ષો બાદ સાચી પડી. વડતાલમાં વિ.સં. ૧૮૮૧માં લક્ષ્મીનારાયણ દેવનું ભવ્ય શિખરબંધ મંદિર બન્યા બાદ, સાંખ્યયોગી બાઈઓના મંદિર અર્થે વાસણ સુથારે હવેલી અર્પણ કરી. ત્યારથી આજ સુધી વાસણ સુથારની હવેલી સાંખ્યયોગી બાઈઓનું મંદિર બનેલ છે.

# શ્રી સત્સંગ પુરાતત્વ સંશોધન મંડળ, વડતાલ

શ્રી સત્સંગ પુરાતત્વ સંશોધન મંડળ, વડતાલનો શુભારંભ નવેમ્બર ૧૯૬૧માં થયો. આ મંડળના આદ્ય પ્રણેતા, પ્રેરક ને પોષક પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી હતા.

શ્રી સત્સંગ પુરાતત્વ સંશોધન મંડળ, વડતાલ દેશની રચનાનો હેતુ સ્પષ્ટ કરતાં સ્વામિનારાયણ સંપ્રદાયના અભ્યાસી લેખક રમેશચન્દ્ર લાભશંકર પંડ્યાએ લખેલું કે, '......શ્રીહરિની આજ્ઞાથી અને કેવળ તેમની જ પ્રસન્નતા અર્થે સંપ્રદાયના સમર્થ સંતકવિ લેખકોએ, વિવિધ પ્રકારના સત્સંગ સાહિત્યની વિપુલ પ્રમાણમાં રચના કરેલી છે. પણ તે વખતે, હાલના જેવી છાપકામની સુવિધા નહિ હોવાથી, એ બધું સાહિત્ય હસ્તવિખિત સ્વરૂપે સંગ્રહાયેલું છે. આ હસ્તલિખિત ગ્રંથોની જુદાજુદા દેશના હરિભક્તોના ઉપયોગ માટે, જુદા જુદા લહિયાઓએ ઘણી નકલો કરેલી છે. આ નકલોમાં કેટલાક પાઠભેદ લખાઈ ગયા હોય એ સ્વાભાવિક છે, અને આ પાઠભેદોના કારણે યા બીજાં કારણોસર, એ ગ્રંથો મુદ્રિત થાય ત્યારે મૂળ ગ્રંથની અલ્પ, અધૂરી યા અવળી રજૂઆત થાય એ પણ સંભાવિત છે. અને તેના પરિણામે સંપ્રદાયના ઈતિહાસ, સિધ્ધાંત અને પ્રણાલિકા વિરુધ્ધ હકીકત, જાણે-અજાણે પણ પ્રગટ થઈ જાય એ શક્ય છે. પણ જો સત્સંગ સાહિત્યના જુના અને પ્રમાણિત ગ્રંથોની જુની અને શ્રધ્ધેય હસ્તલિખિત પ્રતોનું સંશોધન. સંપાદન અને પ્રકાશન, વ્યક્તિગત નહિ પણ સંયુક્ત જવાબદારીથી થાય તો ઉપર્યુક્ત દૂષણ દૂર થાય અને તે ઉપરાંત સત્સંગની શોભા અને ગૌરવમાં ખરેખર વધારો થાય. વ્યક્તિગત નહિ પણ સંયુક્ત જવાબદારી એટલે ગ્રંથનું સંશોધન, સંપાદન યા લેખનકાર્ય, એક બે વ્યક્તિઓ ભલે કરે પણ તેની ચકાસણી બીજા સુજ્ઞજનો સંયુક્ત જવાબદારીથી કરે અને એ રીતે ચકાસાયેલું સાહિત્ય જ, સંપ્રદાયના પ્રમાણિત સાહિત્ય તરીકે પ્રગટ થાય. મંડળની રચનાનો આ જ એક હેતુ છે.'

શ્રી સત્સંગ પુરાતત્વ સંશોધન મંડળે સૌ પ્રથમ કાર્ય કર્યું સંપ્રદાયમાં સચવાયેલી હસ્તલિખિત પ્રતોને એકત્રીત કરવાનું. પ.પૂ.ધ.ધૂ. આચાર્યશ્રી નરેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની અધ્યક્ષતાં આ મંડળે સમગ્ર સંપ્રદાયમાંથી આવી પ્રતો એકત્ર કરવાનું કાર્ય શરુ કરેલું ને જે ઘણાં વર્ષો સુધી ચાલેલું. વડતાલ ખાતે શાસ્ત્રીય રીતે તેને સંગ્રહવાના પ્રશ્નો તો હતા જ પણ સંગ્રહ થતો ગયો.

## શિક્ષાપત્રી ગ્રંથનું સંપાદન

મંડળે હસ્તલિખિત પ્રતો એકત્ર કરવાની કામગીરી દરમિયાન જ પ્રકાશન કાર્ય આરંભ્યું. શરુઆતમાં મંડળ ધ્વારા, શ્રીહરિ જેની પૂજા કરતા હતા તે શ્રી વાસુદેવ નારાયણની મૂર્તિ, આધારાનંદ સ્વામીએ ચિતરેલી શ્રી હરિની મૂર્તિના ફોટા તથા શ્રીહરિના પ્રસાદરુપ થોડા પત્રોનું પ્રકાશન કર્યું. મંડળનું પ્રથમ પ્રકાશન થયું 'શિક્ષાપત્રી'નું ઈ. સ. ૧૯૬૬માં.

વ્યક્તિગત નહીં પણ સંયુક્ત જવાબદારીથી 'શિક્ષાપત્રી' ગ્રંથનું સંપાદન ને પ્રકાશન કેવી રીતે થયું તેનો ખ્યાલ આપતાં શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજી હરિસ્વરૂપદાસજીએ લખ્યું છે, '..... સંપ્રદાયમાં શિક્ષાપત્રી આદ્ય પ્રમાણ શાસ્ત્ર છે. તે શ્રીહરિની વાણીરૂપા પ્રત્યક્ષ શબ્દમૂર્તિ છે. તેથી મંડળના પ્રથમ પ્રકાશન તરીકે, એની પસંદગી કરવામાં આવી છે. અત્રે જે શિક્ષાપત્રી પ્રગટ થાય છે તે સં. ૧૮૮૩ના અષાઢ સુદ ૧ ગુરુવારના રોજ શુકમુનિએ લખેલી નકલ પ્રમાણે પ્રગટ કરી છે. એ પ્રતના પહેલા અને છેલ્લા પાન ઉપર 'શિક્ષાપત્રી સટીક નિત્યાનંદ મુનિની છે.' એવું વાક્ય લખેલું છે. આ વાક્ય નિત્યાનંદ મુનિએ પોતે લખેલું હોય તેમ અક્ષરોની મેળવણી પરથી જણાય છે. એ શિક્ષાપત્રી જેવી છે તેવી એટલે કે તેની ભાષા, જોડણી અને વાક્યરચના જેવી છે તેવી જ કાયમ રાખવામાં આવી છે. આ શિક્ષાપત્રી ઈ. સ. ૧૮૩૬ અને તે પહેલાં પ્રસિધ્ધ પણ થયેલી છે. પ. ભ. રમેશચન્દ્ર લા. પંડ્યાએ ખૂબ પરિશ્રમ લઈને શિક્ષાપત્રીના લેખક, લેખનકાળ, લેખન હેતુઓ અને લેખન વિષય પરત્વે પરિચય લખેલો છે...... મંડળના ધ્યેયને અનુસરીને, પ્રકાશિત થનાર આ ગ્રંથની ચકાસણી માટે ૧૨-૧૩ જુલાઈ, ૧૯૬૫ ના રોજ વડતાલ મુકામે, શ્રી લક્ષ્મીનારાયણ દેવના દેશના વડતાલ-ગઢડા-જુનાગઢ વિભાગના ત્યાગી વર્ગના પ્રતિનિધિઓની એક સભા યોજવામાં આવી હતી. આ સભામાં સ. ગુ. શા. વિષ્ણુપ્રસાદદાસજી (મુ. કોઠારી, વડતાલ), સ. ગુ. શા. હરિસ્વરૂપદાસજી (મુંબઈ), સ. બ્ર. શાંતાનંદજી (સભ્ય, ટેમ્પલ કમિટિ), સ. શાસ્ત્રી ગોપીનાથદાસજી (વડતાલ), સ. શા. કૃષ્ણસ્વરૂપદાસજી (વડતાલ), સ. ગુ. શા. ભક્તિપ્રિયાનંદજી (વડતાલ), સ. શા. હરિપ્રાસદદાસજી (મહુવા), સ.પુ. ધર્મપ્રકાશદાસજી (મુ.કો.ગઢડા), શાસ્ત્રી ઘનશ્યામ પ્રસાદદાસજી (ગઢડા), સ. ગુ. શા. ભગવત સ્વરૂપદાસજી (જૂનાગઢ), સ. શા.ધર્મવલ્લભદાસજી (જૂનાગઢ), અને પુરાણી નારાયણસ્વરૂપદાસજી (જૂનાગઢ). બે દિવસની ચર્ચાને અંતે ચાર ઠરાવ સર્વાનુમતે પસાર કરાયા હતા. પ્રતિનિધિ સભાના અભિપ્રાય અને ભલામણ ઉપરથી આચાર્ય મહારાજશ્રીએ હ. નુ. ૨. નં. ૭૭૧-૨૦૨૧ તા.૧૯-૭-૬૫ થી શિક્ષાપત્રીનું પ્રકાશન કરવા આજ્ઞા અને અનુમતિ આપેલી.' પ્રકાશનની આ પ્રક્રિયા આજથી પચાસ વર્ષ પૂર્વે થયેલી ને ચોક્કસપણે શાસ્ત્રીય અને પારદર્શી હતી.

શ્રી સત્સંગ પુરાતન સંશોધન મંડળ, વડતાલની અન્ય કોઈ કામગીરીની જાણકારી મળતી નથી.



ચુડા (સાયલા) મુકામે પૂ.વિવેકસાગર સ્વામી (ધ્રાંગધ્રા)ના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૬ થી ૧૪/૪/૨૦૧૯



વૃંદાવન મુકામે પૂ.હરિવલ્લભ સ્વામી દ્વારા આયોજીત ૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા. ૨૧ થી ૨૭/૪/૨૦૧૯




ઋષીકેશ મુકામે પૂ.હરિપ્રકાશ સ્વામીના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૫/૪ થી ૧/૫/૨૦૧૯



ધોળકા મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત માન.
શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા તથા ભક્તજનો. તા.૨૮/૪ થી ૨/૫/૨૦૧૯



સુરત કતારગામ-ઉધના મુકામે પૂ.નારાયણસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ
નિમિત્તે વચનામૃત પધરામણી. તા.૨/૫/૨૦૧૯




સુરત વેડરોડ મુકામે પૂ.પ્રભુચરણ સ્વામી દ્વારા આયોજીત ૯ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત
ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧ થી ૭/૫/૨૦૧૯



વડોદરા હરિનગર મુકામે પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત સત્સંગ ઉત્કર્ષ મહોત્સવ - ૮ પ્રસંગે ઉપસ્થિત
પૂ.લાલજી મહારાજશ્રી, વક્તાશ્રી પૂ.માધવજીવન સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૩ થી ૭/૫/૨૦૧૯



ધોરાજી મુકામે પૂ.મોહનપ્રસાદદાસજી સ્વામી દ્વારા આયોજીત ૩૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગ સુરત એવં પૂ.સંતો તથા ભક્તો. તા.૪ થી ૧૦/૫/૨૦૧૯



સિકંદરાબાદ (તેલંગાના)મુકામે ૪૬ માં પાટોત્સવ-કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.જયેન્દ્ર સ્વામી તથા પૂ.સંતો-ભક્તો. તા.૫ થી ૯/૫/૨૦૧૯






સુરત રામપુરા મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ઉનાળાની ગરમીમાં ગરીબોને ચંપલ વિતરણ કરતાં ભક્તો. તા.૫/૫/૨૦૧૯






ગોધરા મુકામે ૧૬૫ મા પાટોત્સવ તથા બાળધૂન મંડળના ૯૩ માં વાર્ષિક ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૬/૫/૨૦૧૯





રાજુલા મુકામે પૂ.દેવપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત ૨૩ માં પાટોત્સવ પ્રસંગે આયોજીત પાટોત્સવ - કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.પ્રિયદર્શન સ્વામી - પીજ તથા પૂ.સંતો - ભક્તો. તા.૬ થી ૧૨/૫/૨૦૧૯








રાજકોટ ઉદયનગર મુકામે પૂ.દેવપ્રસાદ સ્વામી - વંથલીવાળા દ્વારા આયોજીત ૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજ, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૦ થી ૧૪/૫/૨૦૧૯





મેતપુર મુકામે પૂ.ગોવિંદ સ્વામી દ્વારા આયોજીત ૨૪ માં પાટોત્સવ તથા બાળધૂન મંડળના ૬૪ માં વાર્ષિક ઉત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી મહારાજશ્રી એવં પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૫/૨૦૧૯





વિરસદ મુકામે પૂ.કેશવચરણ સ્વામી દ્વારા આયોજીત ૬૪ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.નારાયણચરણ સ્વામી - બુધેજ તથા પૂ.સંતો-ભક્તો. તા.૧૨ થી ૧૪/૫/૨૦૧૯





બોરીસણા (કલોલ) મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગના વક્તાપદે કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૨ થી ૧૮/૫/૨૦૧૯




વડીયા મુકામે પૂ.રામકૃષ્ણ સ્વામી દ્વારા આયોજીત ૧૫ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તજનો. તા.૧૨/૫/૨૦૧૯





પૂના (સાંગવી) મુકામે ૨૬ માં પાટોત્સવ નિમિત્તે પૂ.હરિચરણ સ્વામી - ચિત્તલનાં વક્તાપદે આયોજીત ત્રિદિનાત્મક કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૫ થી ૧૭/૫/૨૦૧૯



વાપી મુકામે સત્સંગ સભામાં કથામૃતનો લાભ આપતાં પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી - નારગોલ. તા.૧૫/૫/૨૦૧૯



મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૧૫૧ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૬/૫/૨૦૧૯



વડોદરા વાડી મુકામે પૂ.જગતપાવન સ્વામી દ્વારા આયોજીત પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧૬/૫/૨૦૧૯



વીણા (નડીયાદ) મુકામે ૨૭ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજ,
પૂ.રઘુવીર સ્વામી - ઉમરેઠ વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૧૭/૫/૨૦૧૯



સુરત કઠોદરા મુકામે પૂ.માધવપ્રિય સ્વામી (ઋષીકુળ ગૌધામ પાનોલી) દ્વારા આયોજીત કથા પારાયણ પ્રસંગે ઉપસ્થિત
વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી અથાણાવાળા તથા પૂ.હરિનારાયણ સ્વામી વગેરે પૂ.સંતો એવં ભક્તજનો. તા.૧૮ થી ૨૪/૫/૨૦૧૯



જલગાંવ (મહારાષ્ટ્ર) મુકામે પૂ.ગોવિંદ સ્વામી દ્વારા આયોજીત બાલસત્સંગ શિબિર. તા.૧૯ થી ૨૧/૫/૨૦૧૯



જામનગર મુકામે પૂ.વિશ્વવલ્લભ સ્વામી - રૂસ્તમબાગના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત
પૂ.સંતો તથા ભક્તો. તા.૨૦ થી ૨૬/૫/૨૦૧૯



ખાંધલી (વસો) મુકામે પૂ.ઘનશ્યામ સ્વામી - સાળંગપુરવાળાની પ્રેરણાથી આયોજીત ૨૧ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત
પૂ.શ્રીવલ્લભ સ્વામી, આ.કો.શ્રી સંત સ્વામી, વક્તાશ્રી પૂ.સત્યપ્રકાશ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૩ થી ૨૭/૫/૨૦૧૯



કુબેનગર સુરત મુકામે ૨૫ માં પાટોત્સવ પ્રસંગે પૂ.વિષ્ણુપ્રકાશ સ્વામી - અથાણાવાળાના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે
ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૪ થી ૨૮/૫/૨૦૧૯



પીપલાણા મુકામે પૂ.મોહનપ્રસાદ સ્વામી દ્વારા આયોજીત ૬૭ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત
પૂ.સંતો તથા ભક્તો. તા.૨૫ થી ૩૧/૫/૨૦૧૯



ચાણોદ મુકામે પૂ.ઋષિકેશ સ્વામી દ્વારા આયોજીત ૯૭ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૬/૫/૨૦૧૯



કુંઢેલા (ડભોઈ) મુકામે પૂ.શુકવલ્લભ સ્વામી -કંડારી ગુરૂકુલ દ્વારા આયોજીત પ્રથમ પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.બ્રહ્મસ્વરૂપ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૬/૫/૨૦૧૯



નાસીક (મહારાષ્ટ્ર) મુકામે સમસ્ત આદ્રોજા પરિવાર દ્વારા આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત વક્તાશ્રી પૂ.હરિપ્રકાશ સ્વામી, પૂ.જ્ઞાનજીવન પુરાણી સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૨૭/૫ થી ૨/૬/૨૦૧૯



નડીયાદ મુકામે સત્સંગ સભામાં કથામૃતનો લાભ આપતાં પૂ.પ્રિયદર્શન સ્વામી- પીજ,આ.કો.શ્રી સંત સ્વામી એવં ભક્તજનો. તા.૨૭/૫/૨૦૧૯



ગજેરા (જંબુસર) મુકામે પૂ.વિજયપ્રકાશ સ્વામી - ડાકોરવાળા દ્વારા આયોજીત ૭ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૮/૫/૨૦૧૯



રાજકોટ મુકામે પૂ.નારાયણચરણ સ્વામી - વ્રજભુમિના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૮/૫ થી ૧/૬/૨૦૧૯



માલપુર (સંખેડા) મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત સત્સંગસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૨૯/૫/૨૦૧૯




ગઢપુર મુકામે દાદાખાચરના દરબારમાં પૂ.વિષ્ણુ સ્વામી - અથાણાવાળાના વક્તાપદે આયોજીત કથાપારાયણ પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા ભક્તો. તા.૧ થી ૭/૬/૨૦૧૯



જલગાંવ મુકામે સત્સંગ સભામાં કથામૃતનો લાભ આપતાં પૂ.ગોવિંદ સ્વામી, પૂ.નયન સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. ૨/૬/૨૦૧૯



મુંબઇ ભૂલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત આમ્રોત્સવ. તા.૨/૬/૨૦૧૯



માલપુર મુકામે પૂ.નૌતમ સ્વામી દ્વારા આયોજીત વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ ઉપક્રમે ચોપડા વિતરણ એવં સત્સંગસભા પ્રસંગે ઉપસ્થિત પૂ.સંતો તથા બાળકો. તા.૬/૬/૨૦૧૯



નારગોલ (વલસાડ) મુકામે પૂ.દિવ્યસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૧૯ માં પાટોત્સવ એવં નૂતન શ્રીહરિકૃષ્ણ યાત્રિક ભુવન ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત પૂ.લાલજી શ્રી સૌરભપ્રસાદજી મહારાજ, ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી,વક્તા શ્રી પૂ.સરજુદાસજી સ્વામી - ભરૂચ વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૪ થી ૬/૬/૨૦૧૯



સુરત ઘનશ્યામનગર મુકામે પૂ.નીલકંઠસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત ૪૧ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત ચેરમેનશ્રી પૂ.દેવ સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તજનો. તા.૬/૬/૨૦૧૯



વાસણા - ખંભાત મુકામે ૩૩ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત પૂ.બાલકૃષ્ણ સ્વામી - મેતપુર, પૂ.કે.કે.શાસ્ત્રી સ્વામી વગેરે પૂ.સંતો તથા ભક્તો. તા.૭/૬/૨૦૧૯



મુંબઈ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા બાળકોને ચોપડા વિતરણ.તા.૯/૬/૨૦૧૯



ગોધરા મુકામે આમ્રોત્સવ. તા.૧૧/૬/૨૦૧૯



મુંબઇ ભુલેશ્વર મુકામે પૂ.ધર્મસ્વરૂપ સ્વામી દ્વારા આયોજીત શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે
ત્રિદિનાત્મક વચનામૃત કથા. તા.૧૦ થી ૧૨/૬/૨૦૧૯



ગઢપુર મુકામે શ્રીહરિ અંતર્ધાન તિથિ નિમિત્તે સમુહ મહાપૂજા-આમ્રોત્સવ તથા
ગરીબોને કેરી વિતરણ કરતાં પૂ.સંતો તા.૧૨/૬/૨૦૧૯



ભાવનગર લોખંડ બજાર મંદિર મુકામે પૂ.લક્ષ્મીનારાયણ સ્વામી દ્વારા આયોજીત
આમ્રોત્સવ એવં કેરી વિતરણ. તા.૧૩/૬/૨૦૧૯



સુરત કુબેરનગર મુકામે પૂ.વિષ્ણુ સ્વામી - અથાણાવાળા દ્વારા આયોજીત આમ્રોત્સવ તથા ગરીબોને કેરી વિતરણ.
તા.૧૩/૬/૨૦૧૯







સુરત રામપુરા  મુકામે પૂ.પી.પી.સ્વામી દ્વારા આયોજીત ૧૩ મી રવિસભા એવં આમ્રોત્સવ તથા કેરી વિતરણ તા.૧૬/૬/૨૦૧૯



જય શ્રી સ્વામિનારાયણ

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજીત

# ભવ્ય હિંડોળા ઉત્સવ





**પ્રારંભ : ૨૧-૦૭-૨૦૧૯ પૂર્ણાહુતિ : ૨૫-૦૮-૨૦૧૯**

**સમય : સવારે ૮ થી ૧૧:૩૦ કલાકે, બપોર પછી ૩:૩૦ થી ૮:૩૦ કલાકે**

પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી

**આયોજક : વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી**

**સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતલામધામ**

**નોંધ :- વડતાલધામ હિંડોળા ઉત્સવમાં સેવા કરવા ઈચ્છતા હરિભક્તોએ આ નંબર પર સંપર્ક કરવો. :- (૦૨૬૮) ૨૫૮૯૭૨૮/૭૭૬, મો.૯૯૨૫૨૦૫૬૧૧**

## :- ખંડગ્રાસ ચંદ્રગ્રહણ :-

**"શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા છે – સુર્ય અને ચંદ્રમાનું ગ્રહણ થયે સતે અમારા જે સર્વે સત્સંગી તેમણે બીજી સર્વે ક્રિયાનો તત્કાળ ત્યાગ કરીને પવિત્ર થઈને ભગવાનના મંત્રનો જાપ કરવો ॥ ૮૬ ॥ અને તે ગ્રહણ મુકાઈ પછી વસ્ત્ર સહિત સ્નાન કરીને ગૃહસ્થ સત્સંગી હોય તેમણે પોતાની સામર્થ્ય પ્રમાણે  દાન કરવું અને ત્યાગી હોય તેમણે ભગવાનની પુજા કરવી. ॥ ૮૭ ॥"**

(૧) **તા.૧૬/૧૭-૦૭-૨૦૧૯** મંગળવાર અષાઢ સુદ - ૧૫ ના રોજ ખંડગ્રાસ ચંદ્રગ્રહણ ભારતમાં દેખાશે. જેથી પાળવાનું છે.

(૨) **ગ્રહણ સ્પર્શ રાત્રે ૦૧:૩૨ કલાકે     ગ્રહણ મધ્ય રાત્રે ૦૩:૦૧ કલાકે     ગ્રહણ મોક્ષ રાત્રે ૦૪:૩૦ કલાકે**

(૩) આ ગ્રહણનો વેધ બપોરે ૪:૩૦ થી શરૂ થાય છે. માટે ત્યાર બાદ ભોજન કરવું નહિ. તેમજ તે કાળથી ગ્રહણ મુક્તિ સુધી અનાજ રાંધવાનો નિષેધ છે. રાંધેલું અન્ન ગ્રહણ કાળમાં અપવિત્ર થાય છે. માટે તેનો નિકાલ ગ્રહણ પહેલાં કરવો. અથાણું,દૂધ,દહી, છાશ, તેલ,ઘી વગેરેમાં દર્ભ અને તલ રાખવાથી પવિત્ર રહે છે તેથી ગ્રહણ દોષ લાગતો નથી.

(૪) બાળકો,વૃદ્ધો,અસક્તો,સગર્ભા સ્ત્રીઓ માટે ૩ કલાકનો વેધ હોય છે તેથી તેઓ ગ્રહણ શરૂ થતાં અગાઉ ૩ કલાક પહેલા જમી શકે છે.

(૫) ગ્રહણ સ્પર્શ પહેલાં ૩ કલાક અગાઉ પાણી પીવાનો નિષેધ હોવાથી પાણી પીવાનું પણ બંધ કરવું.

(૬) ગ્રહણ દરમ્યાન ઘરમાં કે અન્ય સ્થળે કોઈ વસ્ત્ર આદિક વસ્તુઓનો સ્પર્શ કરવો નહીં તથા ગ્રહણ સ્પર્શથી મોક્ષ સુધી દર્ભનાં આસન,સાદડી,રેક્ઝીન,ઉન,પ્લાસ્ટીક અને ગરમ આસનને અડવામાં બાધ નથી માટે તેના પર બેસી ભજન સ્મરણ કરવું. ગ્રહણમાં દાન, ભજન અને તિર્થ સ્નાનનું અનંત ગણુ ફળ મળે છે.

(૭) આ ગ્રહણ પૂર્ણ થયા પછી સ્નાન, પૂજાપાઠ, દાન વગેરે કર્યા બાદ ભોજન કરવું.

(૮) આ ગ્રહણ ભારત સહિત એશિયા, દક્ષિણ અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઓસ્ટ્રેલિયામાં દેખાશે.

(૯) સાંજે ઠાકોરજીને દૂધમાં બનાવેલ ચોખ્ખો થાળ, આરતી નિત્ય નિયમ થઈ શકે તથા નિયત સમયે પોઢાડી દેવા પરંતુ ગ્રહણનાં સમયે ઠાકોરજીને જગાડવા નહીં.

(૧૦) ગ્રહણ સમયે પોતાનાં ઘરે અથવા મંદિરે સમુહમાં ભજન-વાંચન કરવા અથવા સાંપ્રદાયિક કથા વગેરેનાં વિડીયો નિહાળવી પરંતુ આ સમયે કોઈએ સૂવુ નહીં.

(૧૧) વડતાલ મંદિરમાં ગ્રહણ દરમ્યાન ધૂન-કિર્તનનો કાર્યક્રમ રાખેલ છે.

શિક્ષાપત્રીનાં આદેશ મુજબ ગ્રહણ પૂર્ણ થયા બાદ (તા.૧૭ વહેલી સવારે) વસ્ત્ર સહીત સ્નાન કરી પૂ.સંતોએ પૂજા કરવી તેમજ હરિભક્તોએ યથાશક્તિ ઠાકોરજીને મંદિરમાં દાનનો સંકલ્પ કરવો.

**નોંધ : વડતાલ મંદિર પૂનમનાં દર્શન કરવા પધારતાં હરિભક્તોને ખાસ જણાવવાનું કે, દર્શન રાબેતા મુજબ ચાલુ રહેશે. પરંતુ બપોરે ૧ વાગ્યા પછી અને સાંજે ભોજન મહાપ્રસાદ બંધ રાખેલ છે જેની ખાસ નોંધ લેવી.**

## અક્ષરવાસ

### પ.પૂ.સદ્.શ્રી ત્રીકમચરણદાસજી સ્વામી ગુરૂ પ.પૂ.સદ્.પુરાણી શ્રી દેવનંદનદાસજી સ્વામી - ગઢપુર



ગઢપુર પ્રદેશના સદ્.શ્રી સિદ્ધાનંદ સ્વામીની શિષ્ય પરંપરાના સંતવર્ય પ.પૂ.સદ્.શ્રી ત્રીકમચરણદાસજી સ્વામી તા.૧૭/૪/૨૦૧૯ના ૯૭ વર્ષની વયોવૃદ્ધ વયે શ્રીહરિ સ્મરણ સાથે અક્ષરનિવાસી થતા સમગ્ર ગઢપુર પ્રદેશ તેમજ સત્સંગ સમાજે ઉંડા શોકની લાગણી અનુભવી હતી. અ.નિ.પ.પૂ.સ્વામીશ્રી સંસ્કૃતના અભ્યાસી ન હતા, છતાં નિર્મળ વ્યક્તિત્વ, કુશાગ્રબુદ્ધિ અને ઉદાત્ત વિચારોના પ્રભાવે સત્સંગમાં હરિભક્તોના હૃદય જીત્યા હતા. વ્યવહાર કુશળતા તેમજ દેવનિષ્ઠાના પરિપાક સ્વરૂપે તેઓએ ગઢપુરપતિ ગોપીનાથજી મહારાજના મંદિરની કોઠારી પદે રહી સેવા કરી હતી. પૂ.સ્વામીશ્રીના અક્ષરવાસથી તેઓના ગુરૂભાઈ શા.શ્રી ભક્તિજીવનદાસજી સ્વામી, તથા શિષ્યો પૂ.ઘનશ્યામપ્રિય સ્વામી, પૂ.ભગવતસ્વરૂપ સ્વામી વગેરેને વરતાવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ ધીરજ એવં સત્સંગનું વિશેષ બળ આપે એજ અભ્યર્થના.

## અક્ષરવાસ


### પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામી ગુરૂ પ.પૂ.સદ્.શ્રી મુકુંદપ્રસાદદાસજી સ્વામી - ગઢપુર



મૂળ સૌરાષ્ટ્રના હીપાવડલીના વતની ને છેલ્લા ૮૮ વર્ષથી ત્યાગી જીવનમાં રહેતા અ.નિ.પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીનો અક્ષરવાસ ચૈત્રવદ અમાસ, તા.૪/૫/૨૦૧૯ના ૯૧ વર્ષની વયે શ્રી સ્વામિનારાયણ મંદિર નારણપુરા - અમદાવાદ ખાતે શ્રીહરિ સ્મરણ સાથે થયો હતો. અ.નિ.પ.પૂ.સ્વામી શ્રી ગઢપુર પ્રદેશના સદ્.શામળીયા ચૈતન્યાનંદ સ્વામીની ઉજજવળ શિષ્ય પરંપરામાં, ગઢપુરના આદિ કોઠારી પ.પૂ.સદ્.ભક્તિવલ્લભદાસજી સ્વામી, તેમના પ્રશિષ્ય પ.પૂ.સદ્.શ્રી કૃષ્ણચરણદાસજી સ્વામી જેવોએ કારીયાણીમાં સદ્.સિદ્ધાનંદ સ્વામી નિર્મિત મંદિરનો જીર્ણોધ્ધાર કર્યો હતો, તેમના પ્રશિષ્ય એટલે અ.નિ.શ્રી હરિપ્રકાશદાસજી સ્વામીને ભાગવતી દીક્ષાનું સૌભાગ્ય સાંપડ્યુ હતું. પૂ.સ્વામીશ્રીએ ૧૨ વર્ષની બાળવયે ગૃહત્યાગ કરી આચાર્યશ્રી આનંદપ્રસાદજી મહારાજના વરદ હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરુ શ્રી મુકુંદપ્રસાદદાસજી સ્વામી (પૂર્વાશ્રમના મામા) પાસે રહ્યા હતા. અ.નિ.સ્વામીશ્રી અખંડ ભજનાનંદી, સેવા મૂર્તિ તેમજ દાસત્વની મૂર્તિ સમા હતા. નિઃસ્પૃહીપણુને રમુજી સ્વભાવ સહુકોઈને આકર્ષિત કરતો હતો. તેઓશ્રીએ ૧૦૦ થી વધારે હરિભક્તોને સત્સંગમાં તેમજ વ્યવહારમાં ઘડીને સુખીયા કર્યા હતા, ખરા અર્થમાં માત-પિતાની ભૂમિકા અદા કરીને તેઓને સર્વ રીતે સુખીયા કર્યા હતા. પૂ.સ્વામીશ્રીએ ઘુઘરાળા, જોટીંગડા, સલૈયા વગેરે ગામોમાં હરિમંદિર નિર્માણ કરી સત્સંગની ઉમદા સેવા કરી હતી. તેઓશ્રી ગઢડા, કારીયાણી, ધંધુકા, મુલુંડ,જેતલપુર, નારાણપુરામાં વર્ષો સુધી રહીને સત્સંગની સેવા કરીને સત્સંગીનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. પૂ.સ્વામીશ્રીના અક્ષરવાસથી તેઓના શિષ્ય શા.માધવપ્રસાદદાસજી સ્વામી, શા.હરિઓમપ્રકાશદાસજી સ્વામી વગેરે ત્યાગી-ગૃહીને શ્રીહરિ ધીરજ તેમજ વિશેષ સત્સંગનું બળ અર્પે એજ પ્રાર્થના.

## અક્ષરવાસ

### પ.પૂ.સદ્.શા.શ્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી ગુરૂ પ.પૂ.સદ્.શ્રી દેવપ્રસાદદાસજી સ્વામી - જૂનાગઢ



જુનાગઢ પ્રદેશના સદ્.શ્રી ગુણાતીતાનંદ સ્વામીની શિષ્ય પરંપરાના સંત અ.નિ.સદ્.શાસ્ત્રી કૃષ્ણસ્વરૂપદાસજી સ્વામી ૮૯ વર્ષની વયે તા.૧૦/૫/૨૦૧૯, વૈશાખ સુદ - ૬ શુક્રવારના શ્રીહરિ સ્મરણ સાથે શ્રી વ્રજભૂમિ આશ્રમ-મોગર, આણંદ ખાતે અક્ષરનિવાસી થતા સમસ્ત જુનાગઢ એવં વરતાલ દેશના સંતો-ભક્તોમાં શોકની લાગણી વ્યાપી હતી. અ.નિ.પૂ.સ્વામીશ્રી એક પ્રતિભા સમ્પન્ન વિદ્વાન હતા. ૧૪ વર્ષની અલ્પ વયે આચાર્ય શ્રી આનંદપ્રસાદજી મહારાજના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી વરતાલ, નાસીક, હરિદ્વાર, વારાણસી વગેરે સ્થાનોમાં રહી સંસ્કૃતમાં વ્યાકરણ,ન્યાય,વેદાંત, સાહિત્ય વગેરે ગ્રંથોનો વિષેશ અભ્યાસ કરીને સત્સંગનું ગૌરવ વધાર્યું હતું. અભ્યાસ બાદ પૂ. સ્વામીશ્રીએ બી.એચ.યુ.વારાણસી તેમજ શ્રી સંત યોગશ્રમ ડભાણમાં વર્ષો સુધી રહી બસો ઉપરાંત નવ યુવાન સંતો તેમજ બ્રહ્મ બટુકોને સંસ્કૃત તેમજ સાંપ્રદાયિક ગ્રંથોનો ઝીણવટ પૂર્વક અભ્યાસ કરાવ્યો હતો. પૂ.સ્વામીશ્રીની નિઃસ્વાર્થ સેવાથી આજે કેટલાય મુમુક્ષુ આત્માઓના હૃદયમાં પ્રકાશ પથરાયો છે. પૂ.સ્વામીશ્રીના અક્ષરવાસથી ન પુરાય તેવી ખોટ પડી છે. વરતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ તેમના શિષ્ય શા.શ્રી નારાયણચરણદાસજી સ્વામી વગેરે ત્યાગી-ગૃહીને ધીરજ એવં વિશેષ સત્સંગનું બળ આપે એ જ અભ્યર્થના.

## અક્ષરવાસ

### પ.ભ.શ્રી હસમુખભાઈ દામોદરદાસ પટેલ - મેતપુર( હાલ મદ્રાસ)



મૂળ મેતપુર ગામના વતની ને વર્ષોથી વ્યવસાયાર્થે મદ્રાસમાં વસતા પ.ભ.શ્રી હસમુખભાઈ દામોદરદાસ પટેલ તા.૨૭/૫/૨૦૧૯ના વેશાખ વદ-૮ ને સોમવારે બ્રાહ્મમુહુર્તમાં શ્રીહરિ સ્મરણ કરતા ૭૦ વર્ષની વયે અક્ષરવાસી થતા સમસ્ત મેતપુર સત્સંગ સમાજ તથા મદ્રાસ સત્સંગ સમાજમાં ઘેરા શોકની લાગણી પ્રસરી હતી. અ.નિ.હસમુખભાઈ મેતપુરના મહાન સંત અ.નિ.સ.શા.શ્રી કૃષ્ણજીવનદાસજી સ્વામીના કૃપાપાત્ર શિષ્ય હતા. તેઓશ્રી બન્ને દેશના પૂ.આચાર્ય મહારાજશ્રી, સંતોના કૃપાપાત્ર હતા. દક્ષિણ ભારતની યાત્રામાં જતા સહુ સંતો ભક્તોની તેઓ પ્રેમ-ઉત્સાહથી સેવા કરતા. મદ્રાસ સ્વામિનારાયણ મંદિર તેમજ ત્યાંના સત્સંગમાં તેઓની નોંધપાત્ર સેવા રહેતી. તેઓ બાળપણથી જ બાળધૂન મંડળની રવિસભામાં નિયમિત હાજર રહેતા ને નિષ્ઠા પૂર્વક સત્સંગ કરતા. તેઓશ્રીના અક્ષરવાસથી તેમના પુત્રો શ્રી કલ્પેન તેમજ શ્રી ચિરાગ વગેરે પરિવારને વરતાલવાસી શ્રી હરિકૃષ્ણ મહારાજ ધીરજ તથા વિશેષ સત્સંગનું બળ આપે એજ અભ્યર્થના.

વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ ઉજવાતા

# સંપ્રદાયના આગામી કાર્યક્રમ

| | | | |
|---|---|---|---|
| ૬ થી ૧૩ જુલાઈ ૨૦૧૯ | અમેરીકા | વડતાલધામ ન્યુજર્સી દ્વારા આયોજીત | પંચ દશાબ્દિ નિષ્ઠા મહોત્સવ |
| ૭ જુલાઈ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વડતાલધામ રવિસભા - ૩૭ |
| ૧૨ જુલાઈ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | દેવશયની એકાદશી ચાતુર્માસ પ્રારંભ (૧૨ કલાક અખંડધૂન) |
| ૧૬ જુલાઈ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | ગુરૂપૂર્ણિમા મહોત્સવ - વચનામૃત પર્વ - ૮ |
| ૧૬ જુલાઈ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વરા આયોજીત | ચંદ્રગ્રહણ જાગરણ સભા |
| ૪ ઓગષ્ટ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | રવિસભા - ૩૮ |
| ૫ થી ૧૧ ઓગષ્ટ ૨૦૧૯ | ઋષિકેશ | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૧૫ ઓગષ્ટ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૯ (સ્વાતંત્ર દિન - પૂનમ) |
| ૧૯ થી ૨૫ ઓગષ્ટ ૨૦૧૯ | જગન્નાથ પુરી | પૂ.વિશ્વવલ્લભ સ્વામી (સત્શ્રી) વક્તાપદે | કથાપારાયણ |
| ૨૨ થી ૨૮ ઓગષ્ટ ૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામી (અથાણાવાળા)ના વક્તાપદે | કથાપારાયણ |
| ૨૪ ઓગષ્ટ ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જન્માષ્ટમી મહોત્સવ |
| ૨૯ ઓગ. થી ૪ સપ્ટે.૨૦૧૯ | હરિદ્વાર | પૂ.હરિપ્રકાશદાસજી સ્વામીના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૧ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | રવિસભા - ૩૯ |
| ૨ સપ્ટે. થી ૮ સપ્ટે.૨૦૧૯ | બદ્રિનાથ-ઉતરાંચલ | પૂ.જયસ્વરૂપદાસજી સ્વામી(ઓરી નર્મદા)ના વક્તાપદે આયોજીત | કથાપારાયણ |
| ૯ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | જલઝીલણી મહોત્સવ |
| ૧૪ સપ્ટે.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૧૦ (પૂનમ) |
| ૬ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | રવિસભા - ૪૦ |
| ૮ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વિજ્યાદશમી - દશેરા |
| ૧૩ ઓક્ટો.૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત પર્વ - ૧૧ (પૂનમ) |
| ૬ થી ૧૨ નવેમ્બર ૨૦૧૯ | વડતાલધામ | શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ સંસ્થાન દ્વારા આયોજીત | વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવ- કાર્તિકી સમૈયો |
| ૨૯ નવે. થી ૫ ડીસે.૨૦૧૯ | વડોદરા હરિનગર | પૂ.શ્રીરંગ સ્વામી દ્વારા આયોજીત | મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ |



વડતાલ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીનું

# સત્સંગ વિચરણ

**૧૨/૫/૨૦૧૯** સુરત મિશન મુકામે પૂ.નિલકંઠચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ અંતર્ગત વચનામૃત દ્વિશતાબ્દિ મહોત્સવના ઉપલક્ષમાં વિરાટ સંત-હરિભક્ત સંમેલનમાં ઉપસ્થિત રહ્યા.

**૧૩/૫/૨૦૧૯** સુરત મિશન મુકામે પૂ.નિલકંઠચરણદાસજી સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં દર્શન આશીર્વચનનો લાભ આપી ભરૂચ પધાર્યા.

**૧૪/૫/૨૦૧૯** ભરૂચ મુકામે પૂ.કૃષ્ણપ્રિયદાસજી સ્વામી (નિલમ સ્વામી) દ્વારા આયોજીત ૧૮૫ મા પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આર્શીવચનનો લાભ આપ્યો.

**૧૫/૫/૨૦૧૯** ડભાણ મુકામે પૂ.બળદેવસ્વામી દ્વારા આયોજીત ૧૩૨ માં પાટોત્સવ એવં પૂનઃપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

**૧૬/૬/૨૦૧૯** ડભાણ મુકામે પૂ.બળદેવસ્વામી દ્વારા આયોજીત ૧૩૨ માં પાટોત્સવ પ્રસંગે અભિષેક કરી પૂ.સંતદાસજી સ્વામી - આટકોટવાળા દ્વારા આયોજીત પંચવાડા તથા જીવાપરમાં મૂર્તિપ્રતિષ્ઠાનો લાભ આપી આટકોટ મુકામે દ્વિદશાબ્દિ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા.

**૧૭/૫/૨૦૧૯** ધોલેરા મુકામે પૂ.રામકૃષ્ણદાસજી સ્વામી દ્વારા આયોજીત ૧૯૩ માં પાટોત્સવ પ્રસંગે અભિષેક-સભામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

**૧૮/૫/૨૦૧૯** વડતાલધામ મુકામે પૂનમ - વચનામૃત પર્વ - ૭ પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

**૧૯/૫/૨૦૧૯** ટીંબી () તથા બાબરીયા (ગીર) મુકામે રાજકોટ ગુરૂકુલ દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

**૨૦/૫/૨૦૧૯** વડોદરા કારેલીબાગ મુકામે પૂ.જ્ઞાનજીવન સ્વામી દ્વારા આયોજીત પંચદશાબ્દિ મહોત્સવ પ્રસંગે અભિષેક-સભામાં ઉપસ્થિત રહી સુરત સીલ્વર ચોક પૂ.ભક્તિસંભવ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા.

**૨૧/૫/૨૦૧૯** બામણગામ મુકામે સાર્ધ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આર્શીવચનનો લાભ આપી માણાવદર મુકામે પૂ.મોહનપ્રકાશ સ્વામી દ્વારા આયોજીત ૫૩ માં પાટોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

**૨૨/૫/૨૦૧૯** રાણપર મુકામે પૂ.નીલકંઠચરણ સ્વામી દ્વારા આયોજીત મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

**૨૬/૫/૨૦૧૯** સાળંગપુર મુકામે શ્રી કષ્ટભંજનદેવનાં દર્શન કરી ગઢપુર મુકામે સૌ પ્રથમવાર પધારી શ્રી ગોપીનાથજી દેવની આરતી કરી ભવ્ય શોભાયાત્ર એવં સ્વાગત સમારોહ સભામાં ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો.

**૨૭/૫/૨૦૧૯** ગઢપુર મુકામે શ્રી ગોપીનાથજી દેવનો અભિષેક એવં સત્સંગ સભામાં ઉપસ્થિત રહ્યા તથા શિક્ષાપત્રી મંદિર મુકામે પૂ.ભક્તિપ્રિયદાસજી સ્વામી દ્વારા આયોજીત મહાવિષ્ણુ યાગ મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા.

**૩૦/૫/૨૦૧૯** અમેરિકા સત્સંગ યાત્રાએ પધાર્યા.





શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને આંગણે આયોજીત

**જન્માષ્ટમી મહોત્સવ**

તારીખ : ૨૪-૦૮-૨૦૧૯ સમય : રાત્રે ૮ થી ૧૨ કલાકે

આયોજક : વડતાલ ટેમ્પલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતિ મુખ્ય કોઠારીશ્રી પ.પૂ.સ.ગુ.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

તમામ ગામડાઓના દરેક ભાઈઓ-બહેનોને જન્માષ્ટમી મહોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે. - લિ. કોઠારી શ્રી

સ્થળ : શ્રી સ્વામિનારાયણ મંદિર - વડતલામધામ



**તારાપુર** મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ૧૪૬૫ બેગ તથા ચોપડાનું વિતરણ કરતા આ.કો.શ્રી સંત સ્વામી, પૂ.સત્સંગભૂષણ સ્વામી, પૂ.શુકદેવસ્વામી, પૂ.નારાયણચરણ સ્વામી, યજમાનશ્રી ગોવિંદભાઈ વગેરે તા.૨૩/૫/૨૦૧૯



**સાળંગપુર** મુકામે આમ્રોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા ભક્તો. તા.૨૬/૫/૨૦૧૯



**ગઢપુર** મુકામે શિક્ષાપત્રી મંદિર મુકામે પૂ.ભક્તિપ્રિયદાસજી સ્વામી દ્વારા આયોજીત મહાવિષ્ણુ યાગ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહી દર્શન આશીર્વચનનો લાભ આપ્યો. તા.૨૭/૫/૨૦૧૯



શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા આયોજીત

# ભવ્ય ગુરુપૂર્ણિમા મહોત્સવ એવં વચનામૃત પર્વ – ૮



**તારીખ : ૧૬-૭-૨૦૧૯ ને મંગળવાર**

સવારે ૫:૩૦ થી ૭:૩૦ તથા ૮:૦૦ થી ૧૧:૦૦

આયોજક :- વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી મુખ્યકોઠારીશ્રી પ.પૂ.સદ્.શા.શ્રી ઘનશ્યામપ્રકાશદાસજી સ્વામી

**સ્થળ :-** શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ, સભામંડપ


નોંધ :- ગુરૂપૂર્ણિમાએ રાત્રે ચંદ્રગ્રહણ હોવાથી બપોરે ૧ વાગ્યા સુધી જ ભોજન મહાપ્રસાદ ચાલુ રહેશે અને સાંજે બંધ રહેશે.


લાઈવ પ્રસારણ નિહાળો LIVE સદ્વિધા TV vadtalmandir.org

**વડોદરા કારેલીબાગ** મુકામે પૂ.જ્ઞાનજીવન સ્વામી દ્વારા આયોજીત ઘનશ્યામ પંચદશાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત પ.પૂ.આચાર્ય મહારાજશ્રી, માન.મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, પૂ.સંતો તથા ભક્તો. તા.૧૬ થી ૨૦/૫/૨૦૧૯








વડતાલધામ મુકામે રવિસભા - ૩૬ એવં આમ્રોત્સવ તા.૨/૬/૨૦૧૯



વડતાલધામ મુકામે વચનામૃત પર્વ - ૭ તા.૧૭/૬/૨૦૧૯

**ગઢપુરધામ શ્રી હરિકૃષ્ણચરિત્રામૃત સાગર સપ્તાહ પારાયણની દિવ્ય છબીઓ તા.૨૧ થી ૨૭/૫/૨૦૧૯**

**ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજની આરતી ઉતારતા**

**વડતાલપીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજ**






































ભવ્ય શોભાયાત્રા





સન્માન સમારોહ - ૨૬-૫-૨૦૧૯





















RNI No. GUJ/GUJ/2010/38053. The Postal Regn. No. "G-KHEDA-86/2017-19" Valid up to 31.12.2019. Posted From Vadtal Post Office. on 20th Date of every Month

**વડતાલધામ મુકામે વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે Indian Journalists Union New Delhi 9th Planery Session પ્રસંગે ઉપસ્થિત માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી એવં પૂ. સંતો - ભક્તો તથા શ્રી મહેશ શાહ-ચિત્રલેખા, શ્રી અજય ઉમટ - નવગુજરાત સમય, શ્રી કુમારપાળ દેસાઈ- કટાર લેખક, શ્રી વિજય મહેતા વગેરે પત્રકારશ્રીઓ. તા.૧ થી ૩/૬/૨૦૧૯**

સુરત તક્ષશીલા અગ્નિકાંડમાં મૃત્યુ પામેલા બાળકોના પરિવારને સહાય પેટે "મુખ્યમંત્રી રાહત નિધિફંડ" માં રૂા. ૫,૫૫,૫૫૫/- નો ચેક અર્પણ કરતા પૂ. સંતો.



















# ભવ્ય હિંડોળા ઉત્સવ ઉદ્ઘાટન એવં રવિસભા - ૩૮



**તારીખ :- ૨૧/૭/૨૦૧૯, રવિવાર**

**સમય સાંજે ૩:૩૦ થી ૬:૩૦**

**હિંડોળા દર્શન : ૨૧ જુલાઈ થી ૨૫ ઓગષ્ટ ૨૦૧૯ સુધી**

**સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર- વડતાલધામ**

 વડતાલ મંદિરની વધુ વિગત માટે WWW vadtalmandir.org વેબસાઈટની અવશ્ય મુલાકાત લો.